**આજનો સુવિચાર**

જે પોતાના
સુખને માટે વસ્તુઓની
ઈચ્છા કરે છે
તેને વસ્તુઓના
અભાવનું દુઃખ
ભોગવવું જ પડશે...

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૩૮ જૂનાગઢ તા.૨૫-૦૧-૨૦૨૫ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 38, Junagadh : Date : 25 January, 2025, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## ૨૬/૧૧ના મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ તહવ્વુર રાણાને ભારત લાવવાનો માર્ગ મોકળો : અમેરીકાની સુપ્રિમ કોર્ટે મંજુરી આપી

મુંબઈ, તા.૨૫ : ૨૬/૧૧ના મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ અને મુખ્ય આરોપી તહવ્વુર રાણાને ટૂંક સમયમાં ભારત લાવવામાં આવશે. અમેરીકાની સુપ્રીમ કોર્ટે ભારત-યુએસ પ્રત્યાર્પણ સંધિ હેઠળ રાણાના પ્રત્યાર્પણને મંજૂરી આપી દીધી છે. તહવ્વુર રાણાની ૨૦૦૯માં FBI દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ૧૩ નવેમ્બર ૨૦૨૪ના રોજ રાણાએ પ્રત્યાર્પણના નિર્ણય સામે અપીલ કરી, જેને ૨૧ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. રાણા માટે પ્રત્યાર્પણ ટાળવાની આ છેલ્લી તક હતી. અગાઉ તેણે સાન ફ્રાન્સિસ્કોની કોર્ટમાં અપીલ કરી હતી, જ્યાં તેની અરજી ફગાવી દેવામાં આવી હતી. યુએસ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે બંને દેશો વચ્ચે પ્રત્યાર્પણ સંધિ હેઠળ તેને ભારત મોકલી શકાય છે.

મુંબઈ હુમલાની ૪૦૫ પાનાંની ચાર્જશીટમાં રાણાના નામનો પણ આરોપી તરીકે ઉલ્લેખ છે. આ મુજબ રાણા ISI અને લશ્કર-એ-તૈયબાનો સભ્ય છે. ચાર્જશીટ મુજબ રાણા હુમલાના મુખ્ય આરોપી ડેવિડ કોલમેન હેડલીને મદદ કરી રહ્યો હતો.

## મહાકુંભ મેળામાં બોટ પલ્ટી : આજે વધુ એક આગની ઘટના

પ્રયાગરાજ તા.૨૫ આજે મહાકુંભનો ૧૩મો દિવસ છે. આજે સવારે કિલા ઘાટ પર એક બોટ પલટી ગઈ હતી. બોટમાં સવાર ૧૦ લોકો ડૂબવા લાગ્યા. જોકે જલ પોલીસે બધાને બચાવી લીધા હતા. તમામને પ્રાથમિક સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. મહાકુંભ વિસ્તારમાં સેક્ટર-૨ પાસે વહેલી સવારે બે વાહનોમાં અચાનક આગ લાગી હતી. ફાયર બ્રિગેડની ટીમે આગને કાબુમાં લીધી હતી.

ફાયર ઓફિસર વિશાલ યાદવે કહ્યું- એક વાહનમાં આગ લાગી હતી. તેની પાસે પાર્ક કરેલી બીજી કાર પણ આંશિક રીતે બળી ગઈ હતી. કારણ હજુ સ્પષ્ટ થયું નથી. આ પહેલા ૧૯ જાન્યુઆરીએ સેક્ટર-૧૯માં સિલિન્ડરમાંથી ગેસ લીક થવાને કારણે આગ લાગી હતી. જેમાં ૧૮૦ ટેન્ટ બળી ગયા હતા.

## ટ્રમ્પે યુક્રેનને આપવામાં આવતી નાણાકીય સહાય બંધ કરી દીધી મેક્સિકો સરહદે સૈનિકો, ટેન્ક, હેલીકોપ્ટરો તૈનાત કરાયા

વોશીંગ્ટન, તા.૨૫ : સત્તામાં આવ્યા પછી, ટ્રમ્પ એક પછી એક મોટા નિર્ણયો લઈ રહ્યા છે. તેમણે ઘણા દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને આપવામાં આવતી નાણાકીય સહાય બંધ કરી દીધી છે. આ સંદર્ભમાં, તેમણે યુક્રેનને આપવામાં આવતી સહાય બંધ કરવાની પણ જાહેરાત કરી છે. ટ્રમ્પનો આ નિર્ણય યુક્રેન માટે બહુ મોટો ફટકો છે. ગેરકાયદેસર ઘૂસણખોરીને રોકવા માટે અમેરિકાએ મેક્સિકો સાથેની દક્ષિણ સરહદ પર ટેન્ક, હેલીકોપ્ટર અને ૧૫૦૦ સૈનિકો તૈનાત કર્યા છે. તેમાં ૫૦૦ મરીન કોર્પ્સની સાથે ૧૦૦૦ સૈનિકો સામેલ છે.

## પૂણેમાં રહસ્યમય બિમારીથી ભારે ગભરાટ વૃધ્ધાનું મોત-૧૪ વેન્ટિલેટર પર-૭૩ સંક્રમિત

પુણે, તા.૨૫ : મહારાષ્ટ્રના પુણેમાં એક રહસ્યમય બિમારી સામે આવી છે. અત્યાર સુધીમાં ૭૩ લોકો આ રોગથી પ્રભાવિત થયા છે. પુણેની ત્રણ હોસ્પિટલોએ આ અંગે સ્થાનિક અધિકારીઓને ચેતવણી આપી છે. આ રોગ નવજાત શિશુઓને પણ અસર કરી રહ્યો છે. મહારાષ્ટ્ર સરકાર આ રોગ અંગે સતર્ક છે, જ્યારે આ મામલો કેન્દ્ર સરકાર સુધી પહોંચ્યો છે. એવું કહેવાય છે કે આ રોગ ગુઈલેન-બેરે સિન્ડ્રોમ (GBS) છે. આ સિન્ડ્રોમ માનવ રોગપ્રતિકારક શક્તિને લક્ષ્ય બનાવે છે. રાહતની વાત એ છે કે આ રોગની સારવાર શકય છે. રિપોર્ટ અનુસાર, GBS ના પહેલા શંકાસ્પદ કેસમાં ૬૪ વર્ષીય મહિલાનું મૃત્યુ થયું છે.

માહિતી અનુસાર, પુણેના સ્થાનિક સમુદાયોમાં બે GBS દર્દીઓ નોંધાય છે. પરંતુ છેલ્લા એક અઠવાડિયામાં, GBS થી પીડિત ૧૪ દર્દીઓને વેન્ટિલેટર પર રાખવા પડ્યા. આ પછી, મહારાષ્ટ્ર આરોગ્ય વિભાગને અને ઘરે ઘરે જઈને સર્વે શરૂ કરવામાં આવ્યો. આ સમયગાળા દરમિયાન, કોઈ GBS દર્દી છે કે નહીં તે શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સાથે લોકોમાં જાગૃતિ પણ ફેલાવવામાં આવી. બે દિવસમાં, મ્યુનિસિપલ અને જિલ્લા આરોગ્ય કર્મચારીઓએ લગભગ ૭,૨૦૦ ઘરોનો સર્વે કર્યો છે.


ગણતંત્ર દિવસની હાર્દિક શુભેચ્છા...

adani



વિરાટ
કૉમ્પ્રેસિવ
સ્ટ્રેન્થ
અંબુજા
સિમેન્ટ
Now Part of the Adani Groups


## કાળવા વોંકળા કાંઠાના ૨૮ દબાણો તાત્કાલીક દુર કરવાના હાઈકોર્ટના આદેશને પગલે મ્યુનિ. તંત્રમાં ભારે દોડધામ

### અગાઉ અન્ય ૧૯૭ ગેરકાનૂની બાંધકામો-દબાણકર્તાઓને પણ આખરી નોટિસ આપવામાં આવી હતી, તેનું શું થશે ? મોટા માથાઓના દબાણો સામે અત્યાર સુધી લાજ કાઢનાર તંત્ર હવે કેવી કાર્યવાહી કરશે ? ચર્ચાતા સવાલો

જૂનાગઢ તા.૨૫ જૂનાગઢ શહેરમાંથી વહેતી કાળવા નદીના વોંકળાઓ ઉપર થયેલા દબાણો દુર કરવા અંગે જૂનાગઢ મ્યુનિ. તંત્રએ અત્યાર સુધી કોઈ કાર્યવાહી નહીં કરીને મોટા માથાઓના કથીત દબાણોને બચાવવાની અક્ષમ્ય કહી શકાય તેવી નીતિ અપનાવી હતી. જેનો લાભ અન્ય દબાણકર્તાઓને પણ મળતો હતો. પરંતુ ગઈકાલે ગુજરાત હાઈકોર્ટે કરેલા એક આદેશને પગલે જૂનાગઢ મ્યુનિ તંત્રને કાળવા વોંકળા કાંઠાના ૨૮ દબાણોને તાત્કાલીક દુર કરવા નામદાર ગુજરાત હાઈકોર્ટે આદેશ કરતાં દબાણકર્તાઓમાં ભારે ખળભળાટ મચી જવાની સાથે જૂનાગઢ મ્યુનિ. તંત્રમાં પણ ભારે દોડધામ મચી જવા પામી છે. કારણ કે, હાઈકોર્ટે ૨૮ દબાણોને તાત્કાલીક દુર કરી તેનો રિપોર્ટ કરવાનો હુકમ કર્યો છે. જેનો સીધો અર્થ એમ થાય કે, આ ૨૮ દબાણોનો મ્યુનિ. તંત્રએ દુર કરવા જ પડશે તેમાં હવે કોઈની સેહશરમ રાખી શકાશે નહીં. હાઈકોર્ટના આદેશમાં જે ૨૮ દબાણો દુર કરવાનો હુકમ થયો છે તેમાં રીવર રેસીડેન્સી-ચોબારી, રાજલક્ષ્મીપાર્ક-મોતીબાગ, નોબલ પ્લેટીનમ-રાયજીબાગ, શિવાલય એપાર્ટમેન્ટ-લક્ષ્મીનગર, બીએપીએસ સ્વામી મંદિર-વંથલી રોડ, પ્રાણલાલ વ્યાસ વગેરે-કાશી વિશ્વનાથ સોસાયટી, પ્રમુખ રાયજીનગર એશો. રાયજીબાગ, ડાયાબેન દેલવાડીયા, શેરી નં.૭-રાયજીબાગ, તેમજ પ્રદીપ ખાડીયા વિસ્તારના ૧૮ મકાનોનો સમાવેશ થાય છે. આમ હાલ ૨૮ ગેરકાનૂની બાંધકામો દુર કરવાનો આદેશ થયો છે. પરંતુ અગાઉ મ્યુનિ.તંત્રએ ૧૯૭ દબાણોને દુર કરવા આખરી નોટીસ આપી હતી. તેનું હવે શું થશે ? આ ૧૯૭ દબાણકર્તાઓમાં મોટા માથાઓનો પણ સમાવેશ થાય છે ત્યારે તંત્ર હવે આ દબાણો સામે કેવી કાર્યવાહી કરશે તેના પર સંબંધિત તમામની મીટ મંડાયેલી છે.


**મકાન વેંચવાનું છે**

જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે

:: કોન્ટેક ::
મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫




સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

ચંદુભાઈ મારવાણીયા
મો.૯૯૭૯૨ ૮૮૬૦૭ / મો.૮૩૨૦૩ ૭૮૬૩૪

**ઉમીયાજી સીંગતેલ મીની ઓઈલ મીલ**

મગફળીનું ડબલ ફિલ્ટર શુધ્ધ સિંગતેલ મળશે.

સીંગતેલ લેવા માટેનું સ્થળ :
ઉમીયાજી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
શુભમ કોમ્પ્લેક્ષ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ

શ્રી મંદિરની પાછળ, ગામઠી હોટલ પાસે, ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ.

**સંપૂર્ણ આયુર્વેદિક સારવાર**

પૃથ્વીરાજ હોસ્પિટલ

આયુર્વેદ - પંચકર્મ
ફિઝીયોથેરાપી

● તમામ પ્રકારનાં રોગો
● સાંધાનો દુઃખાવો
● સાયટીકા
● ચેતાતંત્રના રોગો
● માનસિક રોગો
● પક્ષઘાત
● માઈગ્રેન (આધાશીશી)
● અનિંદ્રા



**ડો. મહિપતસિંહ ડોડીયા**
એમ.ડી. (આયુ.)

જૂનાગઢ : ૧૦૭/૧૦૮ પહેલો માળ, ક્રિસ્ટલ-બી કોમ્પ્લેક્ષ, મધુરમ, જૂનાગઢ. મો. ૯૭૨૬૬ ૧૨૧૧૦

: મુ. ગડુ - શેરબાગ :
ખોરાસા રોડ, મેઘલપુલની બાજુમાં, મુ. ગડુ, તા. માળીયા (હાટીના) મો. ૮૨૦૦૪ ૮૫૯૦૮

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો




તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

**સેલ... સેલ... સેલ... સેલ...**

જૂનાગઢમાં પહેલીવાર સુરતનો પ્રખ્યાત વુમન વર્લ્ડ સેલ બ્રાન્ડેડ આઈટમ પાણીના ભાવમાં

**પછી કહેતા નહી અમે રહી ગયા...**

માત્ર રૂા.૨૫૦થી લઈને રૂા. ૭૦૦ સુધીમાં અહીં તમને લેડીઝ વેર, કિડ્સવેરમાં વિશાળ કલેકશન મળી જશે તેમજ મેન્સવેર પણ મળશે.
તા. ૧૮ જાન્યુઆરી થી ૩૧ જાન્યુઆરી -૨૦૨૫ સુધી
સમય : સવારે ૧૦ થી રાત્રે ૧૦ સુધી
મો. ૯૯૦૪૪ ૦૬૧૨૮
સરનામું : યમુના વાડી, ઝાંઝરડા રોડ, જૂનાગઢ

**તાત્કાલીક ધોરણે જમીન વહેંચવાની છે**



૧૦ વીઘા,
અત્યારે તુવેર દાળનું વાવેતર છે.
૧૨ મહિના ફુલ પાણી, ૨ બોર,
ઈલેકટ્રીક કનેકશન
૨૦ કેરીના ઝાડ (આંબા)
સાર્વજનિક રસ્તો,
વેરાવળ - તાલાલા રોડથી ફકત ૨૫૦ મીટર અંદર,
સોમનાથ પેટ્રોલ પંપ પાછળ

ગામ : સેમરવાવ - સંપર્ક : ૯૮૭૯૨ ૧૯૨૧૯

# જૂનાગઢ શહેર-જીલ્લામાં આવતીકાલે ૭૬માં પ્રજાસતાક પર્વની ઉજવણી થશે

## જૂનાગઢ જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી મેંદરડા ખાતે થશે : કલકેટર અનિલકુમાર રાણાવસિયાના હસ્તે ધ્વજ વંદન થશે : નિવાસી અધિક કલકેટર એન.એફ.ચૌધરીની ઉપસ્થિતિમાં સ્થળ ઉપર રીહર્સલ યોજાયું




જૂનાગઢ તા.૨૫

૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી તા.૨૬ના રોજ સવારે ૯ કલાકે પોબારી ગ્રાઉન્ડ, નાજાપુર રોડ, મેંદરડા ખાતે કરવામાં આવશે. આ પ્રસંગે જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમારના હસ્તે ધ્વજવંદન થશે. ત્યાર બાદ પરેડનું નિરિક્ષણ, પ્રાસંગિક ઉદબોધન અને સાંસ્કૃતિક કાર્યક્રમ, વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધી હાંસલ કરનાર કર્મયોગીઓનું સન્માન કરવામાં આવશે. ૭૬માં પ્રજાસત્તાક દિનની જિલ્લા કક્ષાની ઉજવણી મેંદરડા ખાતે થનાર છે. ત્યારે નિવાસી અધિક કલકેટર એન.એફ.ચૌધરીની ઉપસ્થિતિમાં ગઈકાલે સ્થળ ઉપર રીહર્સલ યોજાયુ હતુ. તેમણે રાષ્ટ્રીય પર્વની ગરિમામય અને સૂચારૂ રીતે ઉજવણી થાય તે માટે જરૂરી સૂચનો કર્યા હતા. આ ઉપરાંત ધ્વજવંદન, પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમ સહિતના ઉપક્રમોનું રિહર્સલ કરવામાં આવ્યું હતું. આમ, આ રાષ્ટ્રીય પર્વની શાનદાર ઉજવણી માટે પૂર્વ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો વહીવટી તંત્ર દ્વારા જાહેર જનતા પણ આ કાર્યક્રમમાં સહભાગી બને તેવી અપીલ કરવામાં આવી હતી. આ વેળાંએ પ્રાંત અધિકારી કિશન ગળચર, સહિતના સંબંધિત વિભાગોના અધિકારીઓ, શાળાના બાળકો, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દેશના ૭૬માં પ્રજાસતાક પર્વની આવતીકાલે શાનદાર ઉજવણી કરવામાં આવશે. ત્યારે જૂનાગઢ શહેર અને જીલ્લામાં પણ પ્રજાસતાક પર્વની ગૌરવભેર ઉજવણી કરવામાં આવશે. જૂનાગઢ જીલ્લા કક્ષાના પ્રજાસતાક પર્વ પ્રસંગે જીલ્લા કલેકટર અનીલકુમાર રાણાવસીયાનાં હસ્તે પોબારી ગ્રાઉન્ડ, નાજાપુર, મેંદરડા ખાતે સવારે ૯ કલાકે ધ્વજવંદન કરવામાં આવશે. આ સાથે જ જીલ્લાભરમાં પ્રજાસતાક પર્વની ઉજવણી કરવામાં આવશે. ભારત દેશ ૧૫મી ઓગષ્ટ ૧૯૪૭ના દિવસે અંગ્રેજોની ગુલામીમાંથી મુકત થયો અને પ્રજાકીય રાજ એટલે કે લોકશાહી રાષ્ટ્ર બન્યું અને ભારતવાસીઓ આઝાદ બન્યા હતા એટલે એ દિવસ ૧૫મી ઓગષ્ટનો દિવસ સ્વાતંત્ર્ય દિન તરીકે ઉજવાઈ છે જયારે પ્રજાકીય તંત્ર અમલમાં આવ્યું ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦નાં દિવસે એટલે આ દિવસને પ્રજાસતાક દિન તરીકે ઉજવાઈ છે દર વર્ષે સ્વાતંત્ર્ય પર્વ અને પ્રજાસતાક પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. દેશભરમાં રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી કરવામાં આવે છે અને અનેકવિધ કાર્યક્રમો યોજાઈ છે. દેશની આઝાદી અપાવનારા સ્વાતંત્ર્ય સેનાનીઓને ભાવભેર શ્રધ્ધાંજલી અપાઈ છે તેમજ રાષ્ટ્રીય ગીતના ગુંજારવ સાથે ધ્વજવંદનના કાર્યક્રમો યોજવામાં આવે છે. રાષ્ટ્રભક્તિનાં ગીતો ગુંજી ઉઠે છે. દરમ્યાન ભારતનાં ૭૬માં પ્રજાસતાક પર્વની આવતીકાલે દેશભરમાં ઉજવણી કરવામાં આવનાર છે તયારે જૂનાગઢ શહેર અને જીલ્લામાં પણ પ્રજાસતાક પર્વની આન, બાન અને શાનથી ઉજવણી કરવામાં આવશે. જૂનાગઢ જીલ્લા કક્ષાનાં પ્રજાસતાક પર્વની ઉજવણી આ વર્ષે મેંદરડા ખાતે કરવામાં આવનાર છે. આવતીકાલે પ્રજાસતાક પર્વ પ્રસંગે ધ્વજવંદન તેમજ રાષ્ટ્ર ધ્વઝને સલામી, માર્ચ પાસ્ટ સહિતના કાર્યક્રમો ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે પ્રજાસતાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ ઉપરાંત જૂનાગઢ મહાનગર પાલીકા દ્વારા પ્રજાસતાક પર્વની ઉજવણી પ્રસંગે આવતીકાલે સવારે ૯ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત કોંગ્રેસ દ્વારા પ્રજાસતાક પર્વ પ્રસંગે ધ્વજવંદનના કાર્યક્રમ યોજાશે. જૂનાગઢ શહેરમાં આવેલ વિવિધ શાળા, કોલેજ ખાતે પણ પ્રજાસતાક પર્વ પ્રસંગે ધ્વજવંદન સહિતના કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત સેવાકીય મંડળો તેમજ સામાજીક સંસ્થાઓ દ્વારા પણ ધ્વજવંદનનાં કાર્યક્રમો યોજાશે. કોર્ટ કચેરી, સરકારી ઓફીસ સહિતનાં સ્થળોએ પણ ધ્વજવંદનનાં કાર્યક્રમો યોજી પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવશે. આ ઉપરાંત જૂનાગઢ જીલ્લાનાં વંથલી, બાંટવા, માણાવદર, બીલખા, વિસાવદર, ભેસાણ, કેશોદ, માંગરોળ, માળીયા, વડાલ સહિતનાં ગામોમાં પણ પ્રજાસતાક પર્વ પ્રસંગે ધ્વજવંદનનાં કાર્યક્રમો યોજાશે. દેશમાં ૭૬માં પ્રજાસતાક પર્વની આવતીકાલે જૂનાગઢ શહેર અને જીલ્લામાં ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

# બીલખાના પીપળીયા ગામની સીમમાંથી ૭૨૦ બોટલ વિદેશી દારૂ સાથે બે શખ્સો ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૫

બીલખાના પીપળીયા ગામની સીમમાં વાડીના ગોડાઉનમાં રાખેલ ક્રેટા કારમાં રાખેલ ૭૨૦ બોટલ સાથે બે શખ્સોને બીલખા પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર બીલખા પોલીસે ગઈકાલે બપોરના સમયે પીપળીયા ગામની સીમમાં વિજયભાઈ વલ્કુભાઈની વાડીના ગોડાઉનમાં રાખેલ ક્રેટા કારમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી ૭૨૦ બોટલ કિ.રૂા. ૨,૫૨,૮૬૪ મળી આવતા પોલીસે વિજય વલ્કુભાઈ, રાહુલ ગભરૂભાઈ વાળાને વિદેશી દારૂ સહિત કાર, મોટર સાયકલ, ૨ મોબાઈલ મળી કુલ રૂા.૯,૭૯,૮૬૪નો મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે દારૂનો જથ્થો મોકલનાર રાજસ્થાન બાડમેરના સુરેશ બિશ્નોર અને દારૂ આપી જનાર સહિતનાઓ વિરૂધ્ધ બીલખા પોલીસે પ્રોહીબીશન અંતર્ગત ગુનો નોંધી વધુ તપાસ પ્રો.પીએસઆઈ એમ.એમ. હિંગોરાએ હાથ ધરી છે.

# કેશોદ નજીકની હોટલમાં એસિડ ગટગટાવી લેતાં દુષ્કર્મના આરોપીનું મોત


## આરોપીની પત્નીએ દુષ્કર્મની ફરિયાદી યુવતી વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૨૫

વેરાવળ તાલુકાના દુષ્કર્મના આરોપીએ કેશોદની હોટલમાં એસિડ ગટગટાવતાં મોત નિપજયું હતું. મૃતક આરોપીની પત્નીએ દુષ્કર્મની ફરિયાદી યુવતી સામે તેના પતિને મરવા મજબૂર કરવા બદલ કેશોદ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ ઘટના અંગે મળતી વિગત મુજબ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ડારી ગામના ૨૯ વર્ષીય અમાર ઉર્ફે અમર હાજીભાઈ જીકાણી વિરૂદ્ધ દુષ્કર્મ અને એટ્રોસિટીનો ગુનો નોંધાયો હતો. જેમાં આરોપીએ પોતાની ઓળખ 'ધવલ' તરીકે આપી એક યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી. આરોપી યુવતીને ફોન ઉપર હેરાન કરી આત્મહત્યાની ધમકી આપતો હતો. આરોપી યુવતીને લગ્નની લાલચ આપી વેરાવળ, અમદાવાદ સહિતની અનેક સ્થળોએ હોટલમાં લઈ જઈ યુવતી સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. યુવતીએ લગ્નની વાત કરતાં આરોપી લગ્ન કરવા ના પાડતાં પીડિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનાની તપાસમાં ગીર સોમનાથ પોલીસે બાતમીના આધારે આરોપીને અમદાવાદથી ઝડપી પાડ્યો હતો. આરોપીને અમદાવાદથી ગીર સોમનાથ લઈ જતી વખતે રસ્તામાં કેશોદ નજીક હાઈવેની એક હોટલના લઘુશંકા માટે બાથરૂપ માટે લઈ જવાયો હતાં. ત્યારે આરોપીએ બાથરૂમમાં રાખેલા એસિડ પી જઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે તેના હાથમાંથી એસિડની બોટલ છીનવવાનો પ્રયાસ કર્યો હતો તે સમયે એસિડ ઉડતાં એક પોલીસકર્મી શરીરના ભાગે દાઝ્યો હતો. આરોપીને તાત્કાલિક કેશોદ, જૂનાગઢ બાદ વધુ સારવાર માટે રાજકોટ ખસેડાતાં ત્યાં સારવાર દરમ્યાન આરોપીનું મોત નિપજયું હતું. આરોપીની પત્ની મરીયમબેન વા.ઓ. અમારભાઈ હાજી હબીબભાઈ જીકાણીએ પોતાના પતિનું મોત થતાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવનાર યુવતી વિરૂધ્ધ પોતાના પતિને મરવા મજબૂર કરવા કેશોદ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ હાથ ધરી છે.

# મોરૂકાબીટમાં આવેલ સુરવા ગામની કથિત પેશકદમી દુર કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

ગીર પશ્ચિમ વિભાગ, જૂનાગઢના કાર્યક્ષેત્રમાં આવેલ તાલાળા રેન્જની તાલાળા રાઉન્ડની મોરૂકાબીટમાં આવેલ સુરવા ગામના પ્રોટેકટેડ ફોરેસ્ટ તરીકે જાહેર થયેલ જમીનમાં સુરવા ગામના ઈસમો દ્વારા પેશકદમી કરી વન્યપ્રાણીઓને તેમના નૈસર્ગીક નિવાસ સ્થાનથી વંચીત રાખી ખેતીપાકનું વાવેતર કરતા હોય તેવું ઘ્યાને આવતાં તે પેશકદમીવાળી વાળી જમીન તા.૨૪-૧-૨૦૨૫ના રોજ નાયબ વન સંરક્ષક, ગીર પશ્ચિમ વિભાગ, જૂનાગઢ તથા મદદનીશ વન સંરક્ષક, તાલાળાના સીધા માર્ગદર્શન હેઠળ ડી.વી. વઘાસીયા, રેન્જ ફોરેસ્ટ ઓફિસર, તાલાળા દ્વારા તાલાળા રેન્જ, આંકોલવાડી રેન્જ તથા જામવાળા રેન્જમાં ફરજ બજાવતાં વનવિભાગના સ્ટાફ તેમજ તાલાળા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ તેમજ પંચો રૂબરૂ સવારના ૯ કલાકથી ૧૫:૩૩ કલાક સુધી જે.સી.બી. મશીન-૩ દ્વારા પેશકદમી દૂર કરવાની કામગીરી હાથ ઘરવામાં આવેલ હતી, જેમાં કાચી વંડી, કાચા-પાકા મકાનો ડીમોલેશન કરી કુલ-૫૧૯૦૦ ચો.મી. પેશકદમીવાળી જમીન શાંતીપૂર્ણ રીતે ખૂલ્લી કરાવી તેનો કબ્જો વન વિભાગ હસ્તક લેવામાં આવેલ છે.

# જૂનાગઢ સમસ્ત વણિક યુવા સમાજ દ્વારા આજે રાત્રે લક્ષ્મીવાડી ખાતે ત્રિવીધ કાર્યક્રમ યોજાશે

## દેશભક્તિ ગીત, વણિક ક્રિકેટ ટુર્નામેન્ટના વિજેતાઓને ઈનામ અને દેશભક્તિ સ્લોગન હરિફાઈનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢમાં સમસ્ત વણિક યુવા સમાજ દ્વારા આજે રાત્રે ફુલીયા હનુમાન રોડ ઉપર આવેલ લક્ષ્મી વાડી ખાતે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સમસ્ત વણિક યુવા સમાજ દ્વારા થોડા દિવસો પૂર્વે વણિક ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે રાત્રે યોજાનાર ત્રિવિધ કાર્યક્રમમા ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત રાત્રે ૯ વાગ્યે દેશભક્તિના ગીતો તથા દેશભકિત સ્લોગન બોલવાની હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. સ્લોગન સ્પર્ધામાં વિદ્યાર્થીઓ વધીને ત્રણ સ્લોગન બોલશે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા નવનીત ભાઈ શાહ, ભાવિનભાઈ શેઠ, કમલેશભાઈ અવલાણી, સમીરભાઈ મણપારેખ, જતીનભાઈ પારેખ, કેતનભાઈ વસાણી, સુરેન્દ્રભાઈ ઘેડીયા, મહેશભાઈ દેસાઈ, હર્ષદભાઈ ટોલીયા, ચાર્મી બેન અમિતભાઈ મોદી, ભદ્રેશભાઈ મહેતા, સંદીપભાઈ દોશી, અભિભાઈ શેઠ, નીકેશભાઈ માવાણી સહિતના કાર્યકરો દ્વારા તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

# વિસાવદરના નાની પીંડાખાઈ નજીક છકડો રીક્ષા પલ્ટી ખાતા ચાલકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૫

વિસાવદર તાલુકાના નાની પીંડાખાઈ નજીક છકડો રીક્ષા પલ્ટી મારી ચાલકનું મોત નિપજયાનું વિસાવદર પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે હરસુખભાઈ બચુભાઈ પરમારે જાહેર કરેલ કે મૃતક મથુરભાઈ ભીખાભાઈ સોલંકી પોતાના હવાલાવાળી છકડો રીક્ષા નં.જીજે-૧૧-વી-૪૭૪૮ લઈને જતા હોય દરમ્યાન નાની પીંડાખાઈ ગામ નજીક રીક્ષા પરનો કાબુ ગુમાવી દેતા રીક્ષા પલ્ટી ખાઈ જતા મથુરભાઈનું મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## અવસાન નોંધ

વેરાવળ : નિર્મળાબેન ઉનડકટ (ઉં.વ.૭૨) તે, સ્વ.ચંપકભાઈના પત્ની, નરોત્તમભાઈ (બીલખા)ના ભાભી, મનીષભાઈ, જીતુભાઈ, શર્મિલાબેન અજયકુમાર રાજાના માતુશ્રી તેમજ જૂનાગઢ નિવાસી સ્વ.અમૃતલાલ જમનાદાસ પોપટની પુત્રીનું તા.૨૪ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તથા પીયરપક્ષની સાદડી તા.૨૫ ને શનિવારે સાંજે ૪ થી ૫ બિલેશ્વર મંદિર શિક્ષક કોલોની વેરાવળ ખાતે રાખેલ છે.



રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G.
ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા
દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં
વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે,
મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

રાષ્ટ્રીય અસ્મિતાની ઉજવણી...
પ્રજાસત્તાક દિનની શુભકામના
હાથી સિમેન્ટની મનોકામના

હાથી® સિમેન્ટ
સૌરાષ્ટ્ર સિમેન્ટ લી. રાણાવાવ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

બેકરી શો-રૂમમાં કામ કરી શકે તેવા
અનુભવી માણસોની જરૂર છે
બહુ જ સારો પગાર મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

# વેરાવળમાં જેટકો દ્વારા ચાલી રહેલ અન્ડરગ્રાઉન્ડ વીજ કેબલીંગની કાર્યવાહીને પાલીકાનો રૂકજાવનો આદેશ

## જેટકોના અધિકારી-કોન્ટ્રાકટર સુચના-નોટીસ ન ગાંઠતા હોવાથી પાલીકા તંત્ર આકરા પાણીએ : જેટકોની વિજકેબલ અન્ડરગ્રાઉન્ડની અણઘડ કામગીરીથી લોકો ત્રાહિમામ




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૫

વેરાવળમાં જેટકો દ્વારા ૧૧ કેવી વીજ લાઈનને અન્ડરગ્રાઉન્ડ કરવાની કામગીરી દોઢેક માસથી ચાલુ કરી છે. આ કામગીરી અણઘડ રીતે થતી હોવાથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આ કામગીરી ત્રાસદાયક રીતે થતી હોવાથી પાલીકા તંત્રને વ્યાપક ફરીયાદો લોકો કરી રહ્યા હોવાથી પાલીકા તંત્રએ જેટકોને કામગીરી નિયમોનુસાર કરાવવા બબ્બે નોટીસો પાઠવી હોવા છતાં કોઈ જાતનો સુધાર થયો નથી. જેને લઈ આકરા પાણીએ થયેલ પાલીકા તંત્રએ ગઈકાલે આ કામગીરીને બંધ કરાવવા નોટીસ પાઠવતા ચકચાર પ્રસરી છે. વેરાવળ વાસીઓના નસીબમાં સારા રસ્તા ઉપર ચાલવાનું ન હોય તેવો તાલ જોવા મળી રહ્યો છે. હજુ શહેરમાં ગેસની લાઈન નાંખવાની કામગીરી ચાલતી હોવાથી અનેક મુખ્ય અને શેરીના રસ્તા બિસ્માર બનેલા છે. તેવા સમયે છેલ્લા દોઢેક માસથી સરકારી જેટકો કંપની દ્વારા ૧૧ કેવીની વીજ લાઈન અન્ડરગ્રાઉન્ડ નાંખવા માટે કામગીરી શરૂ કરી છે. આ કામગીરી અંતર્ગત ૮૦ ફૂટ રોડ, પોસ્ટ ઓફીસ રોડ, સલાટ સોસાયટી રોડ, લાબેલા રોડ, પાટણ દરવાજા, બંદરમાં રોડની સાઈડમાં ખોદી નાંખીને માટીના ઢગલા રોડ ઉપર જ કરી દેતા વાહન ચાલકોને ભારે હાલાકી પડી રહી છે. આ કામગીરીના લીધે કોઈ અકસ્માત ન થાય તે માટે ભયસુચક દર્શાવતા બોર્ડ કે ખાડાની આસપાસ કોઈપણ જાતની આડસ ઉભી કરી નથી. જેના લીધે વાહનચાલકો ઉપર સતત અકસ્માતનો ભય મંડરાયેલો રહે છે.

**ત્રાસદાયક રીતે કામગીરી થતી હોવાથી નોટીસ પાઠવવાની ફરજ પડી**

આ ત્રાસ દાયક બની રહેલ કામગીરી અંગે પાલીકાના ચેરમેન ચંદ્રિકાબેન સિકોતરીયા અને એન્જીનીયર પ્રતિક પરમારના જણાવ્યા મુજબ જેટકોની કામગીરી દરમ્યાન પંચાસક સ્થળોએ પાલીકાની પાણીની લાઈન ડેમેજ કરી સમસીયા સર્જી છે. આ કામગીરી અણઘડ રીતે થતી હોવા અંગે લોકોની વ્યાપક ફરીયાદો મળી રહી હોવાથી ગત તા.૧૦/૧/૨૫ ના રોજ નોટીસ પાઠવી કામગીરી નિયમોનુસાર કરવા તાકીદ કરી હતી. તેમ છતાં જેટકોની કામગીરી કોઈ સુધાર ન થયો હોવાથી ફરી તા.૨૨/૧/૨૫ ના રોજ નોટીસ પાઠવી જેટકોને અન્ડરગ્રાઉન્ડ વીજ કેબલીંગની કામગીરી બંધ કરવા સુચના આપવામાં આવી છે.

**જેટકોના અધિકારીનો બેજવાબદારભર્યો જવાબ**

આ કામગીરી અંગે જેટકોના અધિકારી લાખોત્રાનો સંપર્ક કરતા તેમણે કામગીરી મંજુરી મુજબ થતી હોવાનું જણાવીને કહેલ કે, અમારા નિયમ મુજબ ખાડા ખોદયા બાદ તેની ફરતે આડસ (બેરીકેડીંગ) કરવાનું ના હોય તેવો બેજવાબદારભર્યો જવાબ આપેલ હતો. અત્રે નોંધનીય છે કે, વેરાવળમાં જેટકોના ચાલી રહેલ કામગીરી લોકો માટે ત્રાસદાયક બની હોવા અંગે પાલીકા તંત્ર વારંવાર જેટકોના જવાબદારોનું ધ્યાન દોરતુ હોવા છતાં કામગીરીમાં કોઈ સુધાર થતો ન હોવાથી પાલીકાને બબ્બે નોટીસો પાઠવી છે. ત્યારે જીલ્લા કલેકટર આ કામગીરી અંગે લોકોની સમસીયાને વાંચા આપીને નિયમોનુસાર કરાવે તેવી લોકો લાગણી વ્યક્ત કરી રહ્યા છે.

# જૂનાગઢ અને ગીર સોમનાથ જીલ્લામાં પીજીવીસીએલના વ્યાપક દરોડા : ત્રાટકેલી ટીમોએ લાખોની વીજચોરી પકડી

## જૂનાગઢ અને ગીર સોમનાથ જીલ્લાના મેંદરડા, વંથલી, વિસાવદર, ભેસાણ, જુનાગઢ, પાટણ વેરાવળ, સુત્રાપાડા અને તાલાળા તાલુકાઓમાં પીજીવીસીએલના વ્યાપક દરોડા

જૂનાગઢ, તા.૨૫

છેલ્લાં કેટલાંક સમયથી સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજચોરીનું દૂષણ એટલું વ્યાપક બની ગયું છે કે પીજીવીસીએલને વર્ષે દહાડે કરોડો રૂપિયાનું નુકસાન ભોગવવાનો વારો આવે છે. નિયમિત ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને સાતત્યપૂર્ણ વીજપુરવઠો પૂરી પાડવાની કટિબદ્ધતા આડે આવા વીજચોરો અંતરાય બનીને ઊભા રહી જાય છે. પરિણામે વીજતંત્રને તેની રોજિંદી કામગીરી ઉપરાંત આવા તત્વો સામે ઝઝૂમવામાં સમય આપવો પડે છે. સરવાળે, નિયમિત ગ્રાહકોને પણ ક્યારેક તેમના કામોમાં સમયનો વિલંબ થતો હોવાનું અનુભવાયા વગર રહેતું નથી. વીજચોરીના આ સામાજિક દૂષણને ડામવા પીજીવીસીએલ દ્વારા સતત આકરી કામગીરી કરવામાં આવી રહી છે. એટલું જ નહિ, વધુ વીજલોસ ધરાવતા ફીડરો પર આયોજનબદ્ધ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

પીજીવીસીએલને કરોડોનો ચૂનો લગાવતા આવા વીજચોરો સામે વીજતંત્રે હવે લાલ આંખ કરી છે અને વિવિધ વર્તુળ કચેરીઓના અધિક્ષક ઈજનેરો તેમજ વિભાગીય કચેરીઓના કાર્યપાલક ઈજનેરોની સીધી દેખરેખ હેઠળ સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારો-જિલ્લાઓમાં ઈજનેરોની સંખ્યાબંધ ટુકડીઓ દ્વારા સામૂહિક વીજચેકિંગ ડ્રાઈવનું આયોજન કરીને આવા તત્વોને સબક શીખવવામાં આવે છે. તા. ૨૦/૧/૨૦૨૫ થી તા.૨૪/૧/૨૦૨૫ ના સપ્તાહમાં ઈન્સ્ટોલેશન ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને જૂનાગઢ તેમજ ગીર સોમનાથ જિલ્લાના વિસાવદર, ભેસાણ, જુનાગઢ, વંથલી, મેંદરડા, વેરાવળ, સુત્રાપાડા અને તાલાળા હેઠળની પેટાવિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફ તથા અન્ય સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની વીજચેકિંગ ટીમો દ્વારા વીજ ચેકિંગની કામગીરી કરવામાં આવી હતી.

આ દરમ્યાન રહેણાંક, વાણિજ્યિક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૨૮૬૭ જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૩૫૨ વીજજોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂા.૯૨.૫૨ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા. નોંધનીય છે કે એપ્રિલ-૨૪ થી ડીસેમ્બર-૨૪ના સમયગાળા દરમિયાન જુનાગઢવર્તુળ કચેરી હેઠળ કુલ ૨૨૧૩૫ વીજજોડાણો ચકાસવામાં આવ્યાં છે, જેમાંથી કુલ ૨૮૪૭ વીજજોડાણોમાં વિવિધ ગેરરીતિ સબબ કુલ રૂા.૫૮૧.૭૦ લાખ ની દંડનીય આકારણીના બિલ આપવામાં આવ્યાં છે. આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યું છે. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# GUJCOST અને GEDAના સહયોગથી સોમનાથમાં ઊર્જા સંરક્ષણ પખવાડિયાના ભાગરૂપે જાહેર આઉટરીચ પ્રોગ્રામ્સ, એનર્જી વોકની શ્રેણીનું આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

ગીર સોમનાથ, તા.૨૪

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી **(GUJCOST)**, ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી **(GEDA)** સાથે મળીને, તારીખ ૧૬મી જાન્યુઆરીથી ૩૧મી જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન ઊર્જા સંરક્ષણ પખવાડિયાના ભાગ રૂપે શ્રેણીબદ્ધ પબ્લિક આઉટરીચ પ્રોગ્રામ, ઉર્જા વોકનું આયોજન કરી રહ્યા છે. આ પહેલનો ઉદ્દેશ્ય નાગરિકોમાં ઊર્જા સંરક્ષણ અંગે જાગૃતિ અને ટકાઉ પ્રથાઓને પ્રોત્સાહન આપવાનો છે.

આ શ્રેણીમાં આજે શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા સોમનાથ મંદિર પરિસર ખાતે એક મુખ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એમ. જે. સ્વામિનારાયણ હાઈસ્કુલ ના વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી અને ઉર્જા સંરક્ષણ માટે રોજીંદી આદતોમાં ફેરફાર કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

આ કાર્યક્રમમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળથી હરિહર વન અને ત્યારબાદ સોમનાથ મંદિર પરિસર સુધી ઊર્જા-વોક સહિતની આકર્ષક પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. ઊર્જા બચતના પગલાંની હિમાયત કરતા શક્તિશાળી સંદેશાઓ સાથેના પ્લેકાર્ડ સાથે શાળાના વિદ્યાર્થીઓએ ઉર્જા-વોકમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સંદેશાઓ પર્યાવરણનું રક્ષણ કરવા અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે ઉર્જા બચાવવા માટે વ્યક્તિગત પગલાંની જરૂરિયાત પર ભાર મૂકે છે. ઉર્જા સંરક્ષણ પખવાડિયું એ ટકાઉપણુંની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાના અમારા પ્રયાસોનો એક ભાગ છે, એમ લોકો જ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડીનેટર નરેશભાઈ એન ગુંદરણીયા એ જણાવ્યુ હતું. હરિયાળા, ઉર્જા-કાર્યક્ષમ ભવિષ્યને ઘડવામાં યુવા પેઢીની નિર્ણાયક ભૂમિકા છે, અને આ પહેલ તેમને ફેરફાર લાવવા માટે સશક્ત બનાવશે, એમ તેમણે ઉમેર્યું. અશ્મિભૂત ઈંધણની જગ્યાએ રિન્યુએબલ ઊર્જા-સ્ત્રોતોનો ઉપયોગ થવો જોઈએ, એમ લોક વિજ્ઞાન કેન્દ્રના એકેડેમી કો-ઓર્ડીનેટર વિજયભાઈ કોટડીયા એ તેમના ઈન્ટરેક્ટિવ ટોક દરમિયાન જણાવ્યું હતું. એનર્જી કન્ઝર્વેશન ફોર્ટનાઈટ એ વિદ્યાર્થીઓને જોડવાની અને ટકાઉપણું અને ઊર્જા કાર્યક્ષમતા માટેના તેમના જુસ્સાને પ્રજ્વલિત કરવાની અદ્ભુત તક છે, એમ તેમણે ઉમેર્યું હતું.

આ ઈવેન્ટમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પર્યાવરણ ઉત્સાહીઓની સક્રિય ભાગીદારી જોવા મળી હતી, અને તેણે ઊર્જા વપરાશ અને આબોહવા પરિવર્તન દ્વારા ઊભા થતા વૈશ્વિક પડકારોને પહોંચી વળવા માટે સામૂહિક જવાબદારીના મહત્વ ઉપર ભાર મૂક્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું લાઈઝનીંગ લોક વિજ્ઞાન કેન્દ્રના સાયન્સ કોમ્યુનિકેટર ધર્મેશભાઈ મકાની દ્વારા કરવામાં આવેલ.

# અખીલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ વિદ્યાલય શિક્ષા જૂનાગઢ દ્વારા કર્તવ્ય બૌદ્ધ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૨૪

સ્વતંત્રતા સેનાની વીર શહીદ સુભાષચંદ્ર બોઝ જન્મ જયંતી અંતર્ગત તા.૨૩/૧/૨૦૨૫ ગુરૂવારના રોજ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ જૂનાગઢ શાખા દ્વારા નટવરસિંહ સેવાભવન ખાતે કર્તવ્ય બોધ દિવસ મનાવવામાં આવ્યો. શૈક્ષિક મહાસંઘના નિયમિત કાર્યક્રમો માનો એક એટલે કર્તવ્ય બોદ્ધ દિવસ જે સ્વામી વિવેકાનંદ જયંતિ અને સુભાષચંદ્ર બોઝ જયંતિને સાંકળીને દર વર્ષે આ કાર્યક્રમ મનાવવામાં આવે છે. કાર્યક્રમના મુખ્ય વકતા મનીષભાઈ જાની કે જેઓ બહાઉદીન વિજ્ઞાન કોલેજના બોટની વિભાગના અધ્યક્ષ તરીકે કાર્યરત છે. તેના દ્વારા સ્વામી વિવેકાનંદ અને સુભાષચંદ્ર બોઝના જીવન ઉપર પ્રેરક વક્તવ્ય આપવામાં આવ્યું. જેમાં ભારતીય પ્રાચીન શિક્ષા પ્રણાલી બાબતે સ્વામીજીના વિચારો સ્વામી વિવેકાનંદજીના જીવન પ્રસંગો તથા સુભાષચંદ્ર બોઝના સ્વતંત્રતા મેળવવા માટેના કરવામાં આવેલા પ્રયત્નો આઝાદ હિન્દ ફોજની રચના હિટલર સાથેની મુલાકાત વગેરે બાબતે વાત કરવામાં આવી. મેકોલે શિક્ષણ પદ્ધતિ દ્વારા કઈ રીતે ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારો અને મૂલ્યોને નષ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો તેની વાત કરવામાં આવી. આ કાર્યક્રમમાં જૂનાગઢના સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો તથા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોએ ભાગ લીધો હતો.

# ટાટા ઓટોકોમ્પે ટેક્નોલોજી ફર્સ્ટ સોલ્યુશન્સ સાથે આત્મનિર્ભર ભારતને વેગ આપ્યો

અમદાવાદ, તા.૨૫

ભારત અને વૈશ્વિક ઓઈએમ્સને સેવા ઉપલબ્ધ બનાવતી દેશની ટોચની ઓટોમોટિવ કોમ્પોનન્ટ્સ કંપની ટાટા ઓટોકોમ્પ સિસ્ટમ્સ લિમિટેડે ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો ૨૦૨૫માં અત્યાધુનિક, સ્વદેશી રીતે વિકસિત, ટેકનોલોજી-ફર્સ્ટ સોલ્યુશન્સ પ્રદર્શિત કર્યા હતા, જે અભૂતપૂર્વ સ્થાનિકીકરણ અને ટેકનોલોજી નેતૃત્વ મારફતે ભારતની આત્મનિર્ભરતાને મજબૂત કરવાની તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

"બિયોન્ડ બાઉન્ડ્રીઝઃ કો-ક્રિએટિંગ ફ્યુચર ઓટોમોટિવ વેલ્યુ ચેઈન"ની થીમ સાથે ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો ૨૦૨૫માં મહત્વના સહભાગી તરીકે, ટાટા ઓટોકોમ્પે મોબિલિટીના ભવિષ્યની પુનઃકલ્પના સાથે સૌથી વધુ વિશ્વસનીય મોબિલિટી કોમ્પોનન્ટ્સ અને સિસ્ટમ્સ પાર્ટનર બનવાના તેના વિઝનની પુષ્ટિ કરી હતી. આ સ્ટોલનું ઉદ્ઘાટન કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલે કર્યું હતું, જેમાં ભારતનાં ઓટોમોટિવ ક્ષેત્રને આગળ વધારવામાં અને મોબિલિટી સોલ્યુશનમાં નવીનતાને વેગ આપવાની ટાટા ઓટોકોમ્પની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

ટાટા ઓટોકોમ્પ સિસ્ટમ્સના વાઈસ ચેરમેન અરવિંદ ગોયલે જણાવ્યું હતું કે, "ઓટોમોટિવ ઉદ્યોગ નોંધપાત્ર પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યો છે, જેમાં ઈલેક્ટ્રિફિકેશન, હાઈબ્રિડાઈઝેશન, હાઈડ્રોજન ટેકનોલોજી અને સોફ્ટવેર-સંચાલિત વાહનો તેના ભવિષ્યને આકાર આપી રહ્યા છે. ટાટા ઓટોકોમ્પ મોબિલિટી ઈકોસિસ્ટમને સશક્ત બનાવતા નવીન ઉકેલો પ્રદાન કરવા માટે આ પ્રગતિઓનો લાભ લેવા માટે પ્રતિબદ્ધ છે. ભારત મોબિલિટી એક્સ્પો ૨૦૨૫માં અમે વિવિધ સેગમેન્ટમાં અમારી ક્ષમતાઓને જ નહીં, પણ સ્થાયી મોબિલિટીમાં ભારતની સંક્રાતિને ટેકો આપવાનાં અમારાં વિઝનને પણ સૂચવીએ છીએ."

ભારત અને મેક ઈન ઈન્ડિયા પહેલ સાથે જોડાણમાં, ટાટા ઓટોકોમ્પ ૧૦૦% સ્થાનિકીકરણ હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે. કંપનીએ બેટરી પેક્સ, બેટરી મેનેજમેન્ટ સિસ્ટમ્સ (બીએમએસ) અને બેટરી થર્મલ મેનેજમેન્ટ સિસ્ટમ્સના ૮૦ ટકાથી વધુ સહિત મહત્વપૂર્ણ ઈલેક્ટ્રિક વેહિકલ કોમ્પોનન્ટ્સને સ્થાનિક બનાવીને નોંધપાત્ર પ્રગતિ કરી છે.

ઓટોમોટિવ ક્ષેત્રમાં નેતૃત્વને મજબૂત બનાવ્યાં બાદ, ટાટા ઓટોકોમ્પ રેલવે ક્ષેત્રમાં પ્રવેશ્યું છે, જેણે વંદે ભારત પહેલ માટે કોમ્પોનન્ટ્સને સ્વદેશીધોરણે વિકસવવામાં ફાળો આપ્યો છે.

## અદાણી એનર્જી સોલ્યુશન્સની વૃધ્ધિ તરફની એકધારી રફતાર

# વાર્ષિક ધોરણે ત્રીજા ત્રિમાસિકમાં કર બાદનો નફો (PAT) ૮૦% વધી રૂા.૬૨૫ કરોડ થયો

## રૂા.૪૪૦ કરોડમાં સમાયોજિત વાર્ષિક ધોરણે ત્રિમાસિકમાં વન-ટાઈમ ટેક્સરિવર્સલ સિવાય PAT ૨૬% વધુ ત્રિમાસિકમાં EBITDA ૬% વધી રૂા.૧,૮૩૧ કરોડ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૫

વૈશ્વિક સ્તરે વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોનો એક ભાગ અને વિશાળ સ્માર્ટ મીટરિંગ પોર્ટફોલિયો સાથેની ભારતની સૌથી મોટી ખાનગી ટ્રાન્સમિશન અને વિતરણ કંપની અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ. **(AESL)**એ ૩૧ ડિસેમ્બર-૨૦૨૪ના પૂરા થયેલા ક્વાર્ટર અને નવ મહિના દરમિયાનની તેની નાણાકીય અને ઓપરેશનલ કામગીરીની આજે જાહેરાત કરી છે. અદાણી એનર્જી સોલ્યુશન્સના સી.ઈ.ઓ. કંદર્પ પટેલે કહ્યું કે વૃદ્ધિની એકધારી ગતિ ચાલુ રાખીને **AESL** એ ઓપરેટિંગ અને નાણાકીય મેટ્રિક્સ બંને ઉપર બીજા ત્રિમાસિક ગાળામાં મજબૂત પ્રદર્શન કર્યું છે.કંપની પ્રકલ્પનો સમયસર આરંભ તેમજ ઓપરેટિંગ કાર્યક્ષમતા હાંસલ કરવાને ટોચ અગ્રતા આપે છે. આ ત્રિમાસિક ગાળાની મુખ્ય વિશેષતા **AESL**એ મેળવેલા નવા પ્રોજેક્ટની જીત રહી છે, જે માત્ર બજાર હિસ્સો મેળવવામાં જ મદદ કરે છે એટલું જ નહી પણ ભારતમાં સૌથી મોટા ખાનગી ટ્રાન્સમિશન પ્લેયર તરીકે છઈજીન્ની ધ્રુવ સ્થિતિને પણ સુદ્રઢ બનાવે છે તેમણે જણાવ્યું હતું કે બન્ને યુટિલિટીઝમાં પાવર ડિમાન્ડના વલણો પ્રોત્સાહક છે અને અમે અમારા તમામ કોન્ટ્રાક્ટમાં સ્માર્ટ મીટરની સ્થાપના સાથે પ્રગતિ કરી રહ્યા છીએ અને સરેરાશ દૈનિક ઈન્સ્ટોલેશનમાં સતત સુધારો થઈ રહ્યો છે. પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ટ્રાન્સમિશનમાં રૂા.૫૪,૭૬૧ કરોડ અને સ્માર્ટ મીટરિંગમાં રૂા.૧૩,૬૦૦ કરોડની મોટી ઓર્ડર બુક હોવા છતાં કંપની ઓપરેટિંગ અને નાણાકીય બાબતે સંગીન કામગીરી દર્શાવવાનું ચાલુ રાખશે, પ્રોજેક્ટ અને મજબૂત મૂડી વ્યવસ્થાપન કાર્યક્રમ સાથે જોડાયેલી આ અપ્રતિમ ઓપરેટિંગ શ્રેષ્ઠતાને આભારી છે. નવી કાર્યરત ટ્રાન્સમિશન અસ્કયામતો **(MP ...ufus-II, KVTL, KBTL, WKTL** લાઈન), તેમજ હસ્તગત કરેલ સિપત મહાન લાઈનના યોગદાન અને સાતત્યપૂર્ણ કામકાજ તથા મુંબઈ અને મુન્દ્રા ખાતે ડિસ્ટ્રિબ્યુશન વ્યવસાયની માંગમાં વૃદ્ધિ અને સ્માર્ટ મીટરિંગ વ્યવસાયમાંથી વધેલા યોગદાનના કારણે ઉર્જા વેચાણમાં વધારો થવાથી કુલ આવકમાં ૨૪% ની મજબૂત વૃદ્ધિ જોવા મળી છે. પોર્ટફોલિયો સ્તરે ૯૯.૭% ની મજબૂત ટ્રાન્સમિશન સિસ્ટમ ઉપલબ્ધ હોવાથી **AEML** મુંબઈના વિતરણ વ્યવસાયમાં ૩% જેટલો ઉર્જાનો વધારો જોવા મળ્યો છે. તેની વિતરણ ખોટ ૪.૬૬% ઓછો રહ્યો છે અને વિશ્વસનીય અને પોસાય તેવા વીજ પુરવઠાને કારણે યુટિલિટીએ નવા ગ્રાહકો ઉમેરતા તેનો આંક ૩.૧૭ મિલિયને પહોંચ્યો છે. તમામ સેગમેન્ટમાં મજબૂત આવક વૃદ્ધિ, ટ્રાન્સમિશનમાંથી ઊંચી **EPC** આવક, ટ્રેઝરી આવક અને વિતરણ વ્યવસાયમાંથી સતત નિયંત્રિત **EBITDA**ના પરિણામે આ ક્વાર્ટરમાં **EBITDA** ૬% વધીને રૂા.૧,૮૩૧ કરોડ થયો છે. ત્રિમાસિકના અંતે ઓપરેશનલ **EBITDA** ૯% વધી રૂા.૧,૫૭૯ કરોડ રહ્યો હતો. ટ્રાન્સમિશન બિઝનેસ ઉદ્યોગનો અગ્રણી ઓપરેટિંગ **EBITDA** માર્જિન ૯૨% કંપનીએ જાળવી રાખ્યો છે. નાણાકીય વર્ષ-૨૫ ના ત્રીજા ક્વાર્ટરમાં કર બાદનો નફો **(PAT)** ૮૦% ઊંચો રૂા. ૬૨૫ કરોડ હતો, જે મજબૂત **EBITDA** વૃદ્ધિ દર્શાવે છે. મુખ્યત્વે **AEML**માં દહાણુ પ્લાન્ટના વિનિવેશને કારણે રૂા.૧૮૫ કરોડની ચોખ્ખી વિલંબિત કર જવાબદારીના રિવર્સલ દ્વારા વેગ મળ્યો હતો.

# આજે રાષ્ટ્રીય મતદાતા દિવસ

૨૦૧૧ થી, રાષ્ટ્રીય મતદાતા દિવસ દર વર્ષે ૨૫ જાન્યુઆરીએ ભારતના ચૂંટણી પંચના સ્થાપના દિવસને ચિહ્નિત કરવા માટે ઉજવવામાં આવે છે, જેની સ્થાપના વર્ષ ૧૯૫૦ માં આ દિવસે કરવામાં આવી હતી. તેનો મુખ્ય હેતુ ઉજવણીનો હેતુ મતદારોની નોંધણી, ખાસ કરીને નવા મતદારોને પ્રોત્સાહિત કરવા, સુવિધા આપવા અને મહત્તમ કરવાનો છે. દેશના મતદારોને સમર્પિત, ચૂંટણી પ્રક્રિયામાં માહિતગાર સહભાગિતાને પ્રોત્સાહન આપવા માટે તેમનામાં જાગૃતિ ફેલાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા, મતવિસ્તાર અને મતદાન મથક સ્તરે ઉજવવામાં આવે છે, જે તેને સૌથી મોટી ઉજવણીઓમાંની એક બનાવે છે. આપણે, ભારતના નાગરિકો, લોકશાહીમાં અડીખમ વિશ્વાસ ધરાવતા, આથી આપણા દેશની લોકતાંત્રિક પરંપરાઓ અને મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણીની ગરિમા જાળવી રાખવાની પ્રતિજ્ઞા કરીએ છીએ અને દરેક ચૂંટણીમાં નિર્ભયતાથી અને ધર્મના વિચારથી પ્રભાવિત થયા વિના મતદાન કરીશું, જાતિ, જાતિ, સમુદાય, ભાષા અથવા કોઈપણ પ્રલોભન વિના.

- ડો.જી.આર.ગોહિલ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# હે યુવાન ઉઠ, વિશ્વને તારી જરૂર છે...

ભારત દેશમાં સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી, પ્રતિવર્ષ ૧૨ જાન્યુઆરી રાષ્ટ્રીય યુવા દિનના રૂપમાં મનાવવામાં આવે છે. ભારત સરકાર તરફથી ઘોષણા કરવામાં આવી કે ઈ. સ. ૧૯૮૫થી ૧૨ જાન્યુઆરી એટલે કે સ્વામી વિવેકાનંદ જયંતીનો દિવસ રાષ્ટ્રીય યુવા દિન તરીકે દેશભરમાં સર્વત્ર મનાવવામાં આવે છે કારણ કે ભારતીય યુવકો માટે સ્વામી વિવેકાનંદ કરતાં વધારે પ્રેરણાદાયી વ્યકિતત્વ કોઇ હોય શકે નહીં.શિકાગોની ધર્મ પરિષદમાં સમગ્ર દુનિયા સમક્ષ ભારતની એક મજબૂત છબી પ્રથમ રજૂ કરી હતી. માનવ વિકાસના કાર્યોમાં આજના યુવાઓનું નવિનીકરણ કરીને તેની રાહબરીમાં સમગ્ર વિશ્વ શ્રૂં;શ્રેષ્ઠ વિશ્વશ્રૂં; બને તેવું કેટલીક હકીકતોથી સ્પષ્ટ થાય છે. ફક્ત જરૂર છે યોગ્ય માર્ગદર્શનની..

૩૫ વર્ષથી ઓછી વયની ૬૬ % વસ્તી સાથે, ભારત વિશ્વની સૌથી મોટી યુવા વસ્તી ધરાવે છે જે રાષ્ટ્રની પ્રગતિ અને સફળતા માટે અત્યંત નિર્ણાયક છે.એટલું જ નહીં સરેરાશ ૧% વૃદ્ધિ દર સાથે, આપણી વસ્તી વર્ષ પ્રમાણે યુવાન થઈ રહી છે. આપણી પાસે સૌથી વધુ કાર્યકારી વયની વસ્તીમાંની એક છે. આ ડેમોગ્રાફિક ડિવિડન્ડ, જો અસરકારક રીતે ઉપયોગ કરવામાં આવે તો, રાષ્ટ્રને અસાધારણવૃદ્ધિ અને વિસ્તરણ તરફ દોરી શકે છે. આ અપાર સંભાવનાનો ઉપયોગ કરવા માટે, તેમની ઊર્જાને રચનાત્મક માર્ગો તરફ વહન કરવી અને તેમને સ્વ-અભિવ્યક્તિ માટે જરૂરી સહાય અને પ્લેટફોર્મ પ્રદાન કરવું અત્યંત નિર્ણાયક છે. યુવાની એવી જેમાં યુવાને પોતાના જીવનનુ ઘડતર કરવાનુ હોય છે. ઘણા એવુ કહે છે કે યુવાનીમાં તો જલસા હોય પણ જે કાર્યોયુવાનીમાં કરી નાખ્યા હોય તે આપણે વૃદ્ધ થયા પછી કરવાના નથી. યુવાનીમાં જ આપણે આપણી છબી એવી શ્રેષ્ઠ બનાવી દેવાની કે જેથી પાછળથી પસ્તાવો ના થાય. યુવાન તરીકે આપણા ફેમિલી, સમાજ, દેશ માટે એવા કાર્યો કરવા કે જે આપણા જીવનનો વિકાસ કરે છે. જેથી કરીને આવનાર ભવિષ્યમાં બધા આપણને આદર્શ બનાવે.

આપણી યુવા વસ્તી આપણી સૌથી મોટી અસ્કયામતોમાંની એક છે, અને આર્થિક વિકાસના સૌથી મોટા ચાલકોમાંની એક છે. યુવા જનસંખ્યા આપણને આપણા ઝડપથી ઔદ્યોગિકીકરણ કરતા અર્થતંત્ર માટે એક તૈયાર કાર્યબળ પૂરું પાડે છે, જ્યારે વર્ષો સુધી વધતી જતી બચતો અને ઘરેલુ વપરાશને પણ આગળ ધપાવે છે. એટલે કે, એમ માનીને કે પ્રશ્નમાંની વસ્તી પાસે ફાળો આપવા માટે જરૂરી કુશળતા છે.ગુણવત્તાયુક્ત શિક્ષણની ઍક્સેસ, ૨૧મી સદીની વિકસતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે તૈયાર કરવામાં આવી છે, તે પાયાનો આધાર છે જેના પર ભારતનું ભવિષ્ય ઘડવામાં આવશે. જેમ કે સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે, શ્રૂં;શિક્ષણ એ માણસમાં પહેલેથી જ પૂર્ણતાનું અભિવ્યક્તિ છે.શ્રૂં;યુવા દિમાગમાં જટિલ વિચારસરણી, સમસ્યાનું નિરાકરણ અને ઉદ્યોગસાહસિક કૌશલ્યોનું સંવર્ધન કરવું જરૂરી છે.ભારતની વસ્તી એક પડકાર હતી અને રહેશે. પરંતુ જો યોગ્ય રીતે આયોજન કરવામાં આવે તો આ પડકારને તકમાં ફેરવી શકાય છે. યુવા વસ્તીના લાભોથી કોઈ ઈન્કાર કરી શકાતો નથી, પરંતુ આ વસ્તીના યોગ્ય ઉપયોગ માટે જે યોજનાઓ બનાવવામાં આવી રહી છે તેનો યોગ્ય રીતે અમલ કરવો એ એક પડકાર છે.

શિક્ષણ અને સંશોધનની ગુણવત્તાના મામલે ભારત ઘણા દેશોથી પાછળ છે.ભારતમાં ઔદ્યોગિક શિક્ષણજગતનો તફાવત જાણીતો છે. ૧૦૦ વિદ્યાર્થીઓ કે જેઓ ૧૦+૨ માં ઉત્તીર્ણ થાય છે .તેમાંથી માત્ર ૨૬ વિદ્યાર્થીઓને જ નોકરી મળે છે કારણ કે તેઓ જે શિક્ષણ મેળવે છે તે નોકરીદાતાઓ દ્વારા જરૂરી કૌશલ્ય સેટ સાથે મેળ ખાતું નથી. આનો અર્થ એ થયો કે જ્યારે આપણી સાક્ષરતાની સંખ્યા સતત વધી રહી છે, ત્યારે કૌશલ્યનો તફાવત હજુ પણ જળવાઈ રહ્યો છે. જેમ નેલ્સન મંડેલાએ ટાંક્યું છે શ્રૂં;શિક્ષણ એ સૌથી શક્તિશાળી હથિયાર છે જેનો ઉપયોગ તમે વિશ્વને બદલવા માટે કરી શકો છો.શ્રૂં;ભારતના યુવાનોને સંબંધિત કૌશલ્યોથી સજ્જ કરીને, તેઓ ટકાઉ વિકાસ, એઆઈ અને ડેટા સાયન્સ જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપી શકે છે.સરકારે પણ સ્કીલ બેઈઝ એજ્યુકેશનનો ઢાંચો બનાવીને દેશની લગભગ અડધી વસ્તી જેટલા યુવાનોને કામ આપવું જ પડશે અને જો કામ ન મળે તો નવરો યુવાનો ગમે તેમ કરીને પૈસો કમાવવા ગેરકાનૂની કામ કરવા લાગશે. ભણી-ગણીને પણ આજે રોજગારીની સમસ્યા છે ત્યારે યુવાનોના સાચા વિકાસના મસિહા કોણ બનશે? તે એક યક્ષ પ્રશ્ન છે.

યુવાધન આપણાં દેશની તાકાત છે. તેનો વિકાસ એ દેશનો વિકાસ છે. આપણે સૌ એ આપણા યુવાનોના તમામ પ્રશ્નેં તેનો સાથ- સહકાર આપીને હકારાત્મક વિચારો સાથે તેની મુંઝવણમાં સાચુ માર્ગદર્શન આપીને તેનો વિકાસ કરવાનો છે.

આપણા યુવાનોની વધતી જતી સંખ્યાને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને તાલીમ ઉપલબ્ધ કરાવીને આપણે એ અનિવાર્ય બનાવીશું કે ભારત વિશ્વના આગામી આર્થિક પાવરહાઉસ તરીકે ઊભરી આવે.ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, "સ્વપ્ન, સ્વપ્ન, સ્વપ્ન. સપના વિચારોમાં રૂપાંતરિત થાય છે, અને વિચારો ક્રિયામાં પરિણમે છે. તેમના સપના અને કાર્યો દ્વારા જ ડ્રીમ ઈન્ડિયા જ ૨૦૪૭નું વિઝન સાકાર થશે.દેશ અને વિશ્વના ભવિષ્યને બદલવાની ભારતીય યુવા શક્તિ નિર્વિવાદપણે અપાર છે. તેમની ઊર્જા, સર્જનાત્મકતા અને જુસ્સાનો ઉપયોગ કરીને, દેશ પડકારોનો સામનો કરી શકે છે અને વિવિધ ક્ષેત્રોમાં વૈશ્વિક નેતા તરીકે આગળ આવી શકે છે. સમાજ, સરકાર અને શૈક્ષણિક સંસ્થાઓએ આવનારી પેઢીઓ માટે ઉજ્જવળ અને વધુ ટકાઉ ભાવિ સુનિશ્ચિત કરવા માટે યુવાનોને ખીલવા માટે જરૂરી સમર્થન અને પ્લેટફોર્મ પૂરું પાડવું અનિવાર્ય છે. હવે સમય આવી ગયો છે કે ભારત તેની યુવા વસ્તીની સંપૂર્ણ ક્ષમતાને બહાર કાઢે અને વૈશ્વિક સંચાલન ભવિષ્યમાં પોતાના હાથ માં લે.

### આધેડ અંજાર ગામે પરત ફરતા હતા ત્યારે તેમની હત્યા કરવામાં આવી

# ગીર સોમનાથ ઉના-અંજાર રોડ પર આધેડની હત્યા

### આધેડનો મૃતદેહ મછુન્દ્રી નદીના ચેકડેમ પાસેથી મળ્યો છે જીતુ કાનજી સોલંકી નામના આધેડની હત્યા કરવામાં આવી હોવાનું પોલીસને જાણવા મળ્યું છે

ગીરસોમનાથ,તા.૨૫

ગીરસોમનાથ જિલ્લામાં ઉના-અંજાર રોડ પર આધેડની હત્યા કરવામાં આવી છે. ઉના-અંજાર રોડ પર ગત સાંજે આધેડની હત્યા કરવામાં આવી છે. આધેડનો મૃતદેહ મછુન્દ્રી નદીના ચેકડેમ પાસેથી મળ્યો છે. જીતુ કાનજી સોલંકી નામના આધેડની હત્યા કરવામાં આવી હોવાનું પોલીસને જાણવા મળ્યું છે.

જીતુ કાનજી સોલંકી નામનો આધેડ ચાની લારી ચલાવતો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આધેડના મૃતદેહ પાસેથી એક સ્પરે મળી આવ્યું હતું. આધેડ અંજાર ગામે પરત ફરતા હતા ત્યારે તેમની હત્યા કરવામાં આવી છે. પોલીસે આને લઈને અલગ-અલગ દિશામાં તપાસ હાથ ધરી છે.

પોલીસ માટે હવે અહીં સૌથી મોટો સવાલ એ ઉઠે છે કે ચાની લારી ચલાવતા આધેડની વળી કોણ હત્યા કરે. આ માટે પોલીસ જૂની અદાવત, કૌટુંબિક અદાવત, લૂંટ, કોઈની સાથે થયેલી માથાકૂટ સહિતના વિવિધ એન્ગલથી તપાસ કરી રહી છે. આ ઉપરાંત તેના મોબાઈલ ફોનના કોન્ટેક્ટના આધારે પણ પોલીસે તપાસ આદરી છે.

પોલીસે આ ઉપરાંત આ કિસ્સામાં વ્યાજખોરના એન્ગલને ધ્યાનમાં રાખીને ધંધાકીય બાબતને લઈને પણ પૂછપરછ કરવાનું શરૂ કર્યુ છે. કોઈ વ્યાજખોરે પણ જીવ લીધો હોય તેવી સંભાવના પણ પોલીસ ચકાસી રહી છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને સઘન ચકાસણી શરૂ કરી છે.

### શ્વાસમાં ત્રણ સિગારેટનો ધુમાડો લઈ રહ્યા છે શહેરીજનો

# દિલ્હી બાદ હવે ગુજરાત રાજ્યની હવા પણ ઝેરી બની

### વાયુ પ્રદૂષણમાં દિલ્હી પછી અમદાવાદ ત્રીજા ક્રમે

અમદાવાદ,તા.૨૫

દિલ્હી બાદ હવે ગુજરાતની હવા પણ ઝેરી બની રહી છે. છેલ્લાં ત્રણેક દિવસથી અમદાવાદ શહેરની હવા અશુદ્ધ બની રહી છે. હવામાં ઝેરી રજકણોની માત્રા વધતાં શ્વાસ-અસ્થમાના દર્દીઓ માટે જોખમી વાતાવરણ બની રહ્યું છે. ગુરુવારે (૨૪ જાન્યુઆરી) વહેલી સવારે વાયુ પ્રદુષણ એટલી હદે બગડ્યું કે, એર ક્વોલિટી ઈન્ડેક્સનો આંકડો ૧૫૦ને વટાવી ગયો હતો. નોંધનીય છે કે, બુધવારે તો એર ક્વોલિટી ઈન્ડેક્સ છેક ૧૭૩ સુધી પહોંચ્યો હતો. આમ, વાયુ પ્રદૂષણને નાથવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે તેમ છતાંય અમદાવાદીઓને શુદ્ધ હવા મળી શકે તેમ નથી.

ગુજરાતમાં ઔદ્યોગિક વિસ્તારની સરખામણીમાં અમદાવાદ શહેરમાં વાયુ પ્રદૂષણ દિવસેને દિવસે વધી રહ્યું છે. જાન્યુઆરી માસમાં જ છેલ્લાં ત્રણેક દિવસથી એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૫૦થી વધુ રહ્યો છે. સામાન્ય રીતે PM ૨.૫ ની માત્રા ૨૫થી ઓછી હોવી જોઈએ. ગુરુવારે અમદાવાદમાં PM ૨.૫ની માત્રા વધીને ૬૦ સુધી પહોંચી ગઈ હતી. આ ઉપરાંત હવામાં PM ૧૦નું પ્રમાણ ૫૦થી ઓછું હોય તો શ્રેષ્ઠ ગણાય છે.

પરંતુ, ગુરુવારે વહેલી સવારે પીએમ ૧૦નું પ્રમાણ ૧૩૪ સુધી પહોંચ્યું હતું. હવામાં આ ઝેરી રજકણો સ્વાસ્થ્યને નુકશાન પહોંચાડે છે. એર ક્વોલિટી ઈન્ડેક્સ પણ ૫૦થી ઓછો હોય તો હવા એકદમ શુદ્ધ હોય છે.

# ભાવનગરવાસીઓને મળી હરિદ્વારની વધુ એક ટ્રેનની ભેટ

### ભાવનગરવાસીઓની લાંબા સમયથી માંગ હતી કે તેમને હરિદ્વારથી વધુ એક ટ્રેન ફાળવવામાં આવે

ભાવનગર,તા.૨૫

ભાવનગરના રેલ્વે મુસાફરોને વધુ એક સગવડ મળશે. કેન્દ્રીય રાજ્ય મંત્રીના પ્રયત્નોથી મુસાફરોને સગવડ મળશે. ભાવનગર હરિદ્વાર વચ્ચે વધુ એક ટ્રેન ફાળવવામાં આવશે.

રાજ્ય મંત્રીય અને સાંસદ નિમુબેન બાંભણીયાના પ્રયત્નોથી આ ટ્રેન ફાળવવામાં આવશે.આ ટ્રેન ભાવનગરથી હરિદ્વાર સપ્તાહમાં બે વખત દોડશે. કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેનની ઓફિસેથી આ માહિતી આપવામાં આવી છે. રેલ્વે વિભાગ આ માટે ટાઈમટેબલ સાથે સત્તાવાર જાહેરાત કરશે. ભાવનગરને વધુ એક ટ્રેન ફાળવવામાં આવતા લોકોમાં આનંદની લાગણી ફેલાઈ છે.

ભાવનગરવાસીઓની લાંબા સમયથી માંગ હતી કે તેમને હરિદ્વારથી વધુ એક ટ્રેન ફાળવવામાં આવે. હવે તે માંગ પૂરી થઈ છે.

તેમને આ ટ્રેન ફાળવવામાં આવશે. આગામી નાણાકીય વર્ષમાં આ ટ્રેન શરૂ થઈ જાય તેમ માનવામાં આવે છે. ભાવનગરના રહેવાસીઓની વર્ષો જૂની માંગ પૂરી થવાથી લોકો ખુશ છે.

તેમા પણ ભાવનગર અને બોટાદ સાઈડનું બ્રોડગેજનું કામ પૂરુ થયું હોવાથી હવે ત્યાંથી લાંબા અંતરની ટ્રેનો દોડાવવાનું શક્ય બન્યું હોવાનું રેલ્વેએ જણાવ્યું છે. આગામી સમયમાં સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાત જ નહીં પણ મધ્ય ભારત તથા ઉત્તર પ્રદેશની કનેક્ટિવિટીની અનેક ટ્રેનો દોડતી થાય તેવી પૂરેપૂરી સંભાવના છે.

### ટ્રામાડોલની ૯૪ લાખ ગોળીઓનો નાશ કર્યો

# ૧૫૦ કરોડ રૂપિયાના સાયકોટ્રોપિક પદાર્થોનો મુન્દ્રા કસ્ટમ્સે નાશ કર્યો

### મુન્દ્રામાંથી ગેરકાયદેસર દાણચોરી અવારનવાર પકડાઈ છે, ત્યારે આ મોટુ પગલું લેવામાં આવ્યું છે

કચ્છ,તા.૨૫

કચ્છના મુન્દ્રાથી મોટા સમાચાર આવ્યા છે, મુન્દ્રા કસ્ટમ્સ દ્વારા ૧૫૦ કરોડ રૂપિયાના જપ્ત કરાયેલ સાયકોટ્રોપિક પદાર્થોનો નાશ કરવામાં આવ્યો છે. NDPS એક્ટ-૨૦૧૮ હેઠળ ટ્રામાડોલને સાયકોએક્ટિવ ડ્રગ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું ત્યારથી આ સૌથી મોટી જપ્તી માનવામાં આવે છે.

મુન્દ્રા કસ્ટમ્સે NDPS એક્ટ હેઠળ આવતા સાયકોટ્રોપિક પદાર્થ ટ્રામાડોલની ૯૪ લાખ ગોળીઓનો નાશ કર્યો હતો.

જેને ૨૦૨૪માં આફ્રિકા જતા નિકાસ કન્સાઈન્મેન્ટમાંથી જપ્ત કરવામાં આવી હતી. NDPS એક્ટ-૨૦૧૮ હેઠળ ટ્રામાડોલને સાયકોએક્ટિવ ડ્રગ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું ત્યારથી આ સૌથી મોટી જપ્તી માનવામાં આવે છે. જેની અંદાજિત કિંમત રૂ. ૧૫૦ કરોડ છે. જપ્ત કરાયેલી દવાઓને ૨૩ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ કચ્છ જિલ્લાના ભચાઉ સ્થિત ઈન્સિનેરેટર ખાતે નાશ કરવામાં આવ્યો હતો.આ નાશ કવાયત સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ દ્વારા ૧૦ થી ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન યોજાનારી અખિલ ભારતીય ડ્રગ નિકાલ ઝુંબેશનો એક ભાગ છે.

આ ઝુંબેશ નાશ માટે તૈયાર નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સના ઝડપી અને કાર્યક્ષમ નિકાલની ખાતરી કરીને ડ્રગ હેરફેરનો સામનો કરવા માટે ભારતીય કસ્ટમ્સની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

### ધોરાજીના છત્રાસા ગામમાં મેગા ડિમોલિશન ચાલે છે

# રાજકોટના ધોરાજીમાં મેગા ડિમોલિશન કરી ૩.૭૦ કરોડની જમીન ખુલ્લી કરાઈ


### ગુજરાતમાં તેમણે દરેક સ્થળેથી સરકારી જમીનને દબાણને મુક્ત કરાવવાની ચળવળ પકડી છે

રાજકોટ,તા.૨૫

ઉત્તરપ્રદેશમાં જો બુલડોઝર બાબા છે તો ગુજરાતમાં બુલડોઝર દાદા છે ભુપેન્દ્રભાઈ પટેલ. ગુજરાતમાં તેમણે દરેક સ્થળેથી સરકારી જમીનને દબાણને મુક્ત કરાવવાની ચળવળ પકડી છે. ગુજરાતમાં કોઈપણ સરકારે નહીં કરી હોય તેટલી જમીન તેમણે એટલે કે ભુપેન્દ્રભાઈએ દબાણથી મુક્ત કરાવી છે. સરકારની આ જ કાર્યવાહીના ભાગરૂપે ધોરાજીના છત્રાસા ગામમાં મેગા ડિમોલિશન ચાલે છે. ગોચર જમીન પર કરાયેલા દબાણ પર દાદાનું બુલડોઝર ફરી વળ્યું છે. ગોચરની સરવે નંબર ૫૦૪ જમીન પર કરવામાં આવેલું દબાણ દૂર કરવામાં આવ્યું છે. કુલ ૧,૧૮,૪૦૦ ચોરસ મીટર જમીન પર ગેરકાયદેસર દબાણ હતું તેને દૂર કરવામાં આવ્યું છે. આમ કુલ રૂ. ૩.૭૦ કરોડની ગોચરની જમીનને ખુલ્લી કરવામાં આવી છે.

રાજ્યમાં તંત્રની આવી ઘણી બધી જમીન માથાભારે તત્વો અને અસામાજિક તત્વો દ્વારા પચાવી પાડવામાં આવી છે, સરકારે આ રીતે પચાવી પાડવામાં આવેલી જમીન ખુલ્લી કરાવવાના પ્રયત્નો આદર્યા છે. ભુપેન્દ્ર પટેલ સરકારે આ પ્રકારના તત્વો પાસેથી અત્યાર સુધીમાં કુલ હજાર કરોડ રૂપિયાથી પણ વધારે જમીન ખુલ્લી કરાવવામાં સફળતા મેળવી છે. આ જમીન જો સરકારે ખુલ્લી કરાવી ન હોત તો અસામાજિકત તત્વોના હાથમાં તેનું નિયંત્રણ જતું રહ્યું હોત. આ તત્વો પછી ભૂમાફિયા બની ગયા હોત. આ મહામૂલી સરકારી જમીનમાં ઘણી બધી જમીન ગોચરની પણ છે. તેને મુક્ત કરાવવામાં સફળતા મળતાં આગામી સમયમાં ગોચર જમીન પર પશુઓને રાહત પૂરી પાડી શકાશે. આ રીતે પશુઓ માટેની કેટલીય ગોચરની જમીન ખુલ્લી કરાઈ છે અને હાલમાં તેને કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

# ખંભાળિયાના ધમધમતા વિસ્તારમાં આગનું છમકલું





(પ્રતિનિધિ દ્વારા)


જામ ખંભાળિયા, તા. ૨૫

ખંભાળિયાના ટ્રાફિકથી વ્યસ્ત એવા જોધપુર ગેઈટ વિસ્તારમાં શુક્રવારે સવારે આશરે ૧૦:૩૦ વાગ્યે એક ખુલ્લા વાળામાં રહેલા કચરાના ઢગલામાં આગ લાગી હતી. આ અંગેની જાણ સ્થાનિકો દ્વારા ફાયર વિભાગને કરવામાં આવતા જિલ્લા ફાયર અધિકારી મિતરાજસિંહ પરમારની સૂચના મુજબ ફાયર સ્ટાફના જવાનોએ ફાયર ફાઈટર સાથે દોડી જઈને પાણીનો મારો ચલાવી, આગ પર કાબુ મેળવ્યો હતો. આગનું કોઈ ચોક્કસ કારણ જાહેર થયું નથી. ત્યારે ધમધમતા એવા જોધપુર ગેટ વિસ્તારમાં લાગેલી આગથી થોડો સમય દોડધામ મચી જવા પામી હતી. આ બનાવમાં કોઈ મોટી જાનહાની થઈ ન હતી.

### સીએસ રાજકુમાર ૩૧ જાન્યુઆરીએ નિવૃત્ત થશે

# ગુજરાતના નવા મુખ્ય સચિવ તરીકે પંકજ જોશીનું નામ

### તેમણે અગાઉ નાણા, એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ વિભાગમાં પણ સચીવ તરીકે ફરજ બજાવી છે



અમદાવાદ,તા.૨૫

ગુજરાતને નવા મુખ્ય સચિવ મળ્યા છે. ગુજરાતના નવા મુખ્ય સચિવ તરીકે પંકજ જોશી નીમવામાં આવનારા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. રાજ્યના વર્તમાન સચિવ સીએસ રાજકુમાર ૩૧મી જાન્યુઆરીએ નિવૃત્ત થાય છે.

આમ તેઓ ૩૧મી જાન્યુઆરીએ વિધિવત વિદાય લેશે.

તેઓ વર્ષ ૧૯૮૯ બેચના આઈએએસ અધિકારી છે. તેમણે અગાઉ નાણા, એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ વિભાગમાં પણ સચીવ તરીકે ફરજ બજાવી છે. પંકજ જોશી અધિક ગૃહ સચિવ તરીકે કાર્યરત હતા. ગૃહ સચિવ તરીકે મુકેશ પુરી નિવૃત થયા બાદ તેમના સ્થાને પંકજ જોશીને ગૃહ વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો હતો. પકજ જોશી હાલમાં મુખ્યમંત્રી કાર્યાલયના એસીએસ તરીકે પણ કાર્યરત છે. તેમની પાસે રાજ્યના મુખ્યમંત્રી કાર્યાલયનો પણ ચાર્જ હતો.

સીએસ રાજકુમારે પહેલી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ રાજ્યના મુખ્ય સચિવ તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો. આ પહેલા તેઓ સચિવાલયમાં એડિશનલ ચીફ સેક્રેટરી એટલે કે અધિક મુખ્ય સચિવ હતા. તેમણે સીએસ પંકજકુમારના સ્થાને હોદ્દો સંભાળ્યો હતો. ડિફેન્સ પ્રોડકશન વિભાગના કેન્દ્રીય સચિવ રાજકુમારને રાજ્ય સરકારની વિનંતીના પગલે રાજમાં લાવવામાં આવ્યા હતા. તેમનો સેવાકાળ ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પૂરો થયો હતો.

રાજકુમાર એપ્રિલ ૨૦૧૫થી કેન્દ્રમાં હતા અને નાણા, શ્રમ-રોજગાર, સંરક્ષણ વિભાગમાં કામ કર્યુ હતુ. તેના પછી તેમને ગુજરાત પરત લાવવામાં આવ્યા હતા. તેઓ રાજ્યમાં તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાત સરકારની મહત્ત્વની કામગીરીનો આધારસ્તંભ રહ્યા હતા. આમ ગુજરાત સરકારના મહત્વના નિર્ણયોમાં તેમનું અનેરું પ્રદાન હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અપશબ્દ કમજોર લોકો બોલે છે.

- નીતિશાસ્ત્ર

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.શહેરેવર-૧૩૯૪, મુ. રજ્જબ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, પોષ વદ-૧૧ ષટ્તિલા એકાદશી તા.૨૫ જાન્યુઆરી ૨૦૨૫, શનિવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૨૪, જયેષ્ઠા નક્ષત્ર, ધ્રુવ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૩૫, સૂ.અ.૬:૩૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આયોજનમાં સફળતા મળે.
વૃષભ:શેર-સટ્ટા વગેરેથી દૂર રહેવું હિતાવહ. નોકરી-વ્યવસાયમાં સફળતા.
મિથુન:મિલન-મુલાકાતમાં વિઘ્ન આવે. મનમાં અશાંતિ અનુભવાય.
કર્ક: અગત્યના કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.
સિંહ: પ્રવાસ-મુસાફરી આનંદદાયક રહે. ધીરજના ફળ મીઠા મળે.
કન્યા: પ્રવાસમાં વિઘ્ન આવે. પારિવારીક મતભેદ સર્જાવવાની સંભાવના.
તુલા: સમાધાનકારી વલણ અપનાવવું. સાહસિક કાર્યથી દૂર રહેવું.
વૃશ્ચિક:નવિન તક ઉન્નતિ તરફ લઈ જાય. મનમાં પ્રફુલિતતા અનુભવાય.
ધન: વ્યર્થ ક્રોધ અનુભવાય. મનમાં મૂંઝવણ રહે.
મકર: નાણાંભીડનો અનુભવ થાય. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
કુંભ: પડવા-વાગવાથી સંભાળવું. વિલંબથી કાર્ય સફળતા.
મીન: જીવસાથીથી વાણી ઘર્ષણ થાય. કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા મળે.

# સુપ્રીમ કોર્ટે સમલૈંગિક લગ્નના ચુકાદા વિરૂધ્ધ દાખલ કરાયેલી સમીક્ષા અરજીઓ ફગાવી દીધી

## બેન્ચે ઓપન કોર્ટમા સુનાવણી માટે સમીક્ષા અરજીઓમાં કરવામાં આવેલી વિનંતીને પણ ફગાવી દીધી



નવી દિલ્હી તા.૨૫

સુપ્રીમ કોર્ટે સમલૈંગિક લગ્નને કાનૂની મંજૂરી નકારતા ઓકટોબર ૨૦૨૩ના ચુકાદાની સમીક્ષા કરવાની માંગ કરતી અરજીઓને ફગાવી દીધી હતી. જસ્ટિસ બી.આર. ગવઈ, સૂર્યકાન્ત, બી.વી. નાગરત્ના, પી.એસ. નરસિમ્હા અને દીપાંકર દત્તાની પાંચ ન્યાયાધીશોની બેન્ચે ચેમ્બરમાં આ મામલાને લગતી લગભગ ૧૩ અરજીઓ ઉપર સુનાવણી કરી અને તેમને ફગાવી દીધી હતી. બેન્ચે કહ્યું કે, અમને રેકોર્ડ ઉપર કોઈ ભૂલ દેખાતી નથી. અમને જાણવા મળ્યું છે કે, બંને ચુકાદાઓમાં વ્યક્ત કરાયેલો દષ્ટિકોણ કાયદા અનુસાર છે અને તેથી કોઈ દખલગીરી જરૂરી નથી. તે મુજબ સમીક્ષા અરજીઓ ફગાવી દેવામાં આવે છે. બેન્ચે સમીક્ષા અરજીઓમાં ખુલ્લી અદાલતમાં સુનાવણી માટે કરવામાં આવેલી વિનંતીને પણ ફગાવી દીધી હતી. પ્રથા મુજબ ન્યાયાધીશો દ્વારા સમીક્ષા અરજીઓ ચેમ્બરમાં ધ્યાનમાં લેવામાં આવે છે. હાલના સીજેઆઈ, ન્યાયાધીશ સંજીવ ખન્ના દ્વારા ૧૦ જુલાઈ, ૨૦૨૪ના રોજ સમીક્ષા અરજીઓની સુનાવણીમાંથી દૂર થયા પછી નવી બેન્ચની રચના કરવામાં આવી હતી. નોંધનીય છે કે, ન્યાયાધીશ પી.એસ. નરસિમ્હા મૂળ બંધારણીય બેન્ચના એકમાત્ર સભ્ય છે જેમાં ચુકાદો આપનારા પાંચ ન્યાયાધીશોનો સમાવેશ થાય છે, કારણ કે, પૂર્વ સીજેઆઈ ડી.વાય. ચંદ્રચૂડ અને ન્યાયાધીશ એસ.કે. કૌલ, રવિન્દ્ર ભટ્ટ અને હિમા કોહલી નિવૃત્ત થયા છે. ૧૭ ઓકટોબર, ૨૦૨૪ના રોજ તત્કાલીન CJI ચંદ્રચૂડની આગેવાની હેઠળની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે સમલૈંગિક લગ્નોને કાનૂની સમર્થન આપવાનો ઈન્કાર કર્યો હતો. જો કે, સર્વોચ્ચ અદાલતે LGBTQIA++ વ્યક્તિઓના અધિકારો માટે દલીલ કરી હતી જેથી તેઓ અન્ય લોકો માટે ઉપલબ્ધ માલ અને સેવાઓ, ઉત્પીડન અને હિંસાનો સામનો કરી રહેલા સમુદાયના સભ્યો માટે આશ્રય માટે તમામ જિલ્લાઓમાં 'ગરીમાગ્રેહ' તરીકે ઓળખાતા સલામત ઘરો અને મુશ્કેલીના કિસ્સામાં સમર્પિત હોટલાઈન્સનો ઉપયોગ કરવામાં ભેદભાવનો સામનો ન કરે. તેના ચુકાદામાં બેન્ચે વિજાતીય સંબંધોમાં ટ્રાન્સપર્સનને હાલના કાયદાકીય જોગવાઈઓ હેઠળ લગ્ન કરવાની સ્વતંત્રતા અને હકદારી હોવાનું જણાવ્યું હતું. કોર્ટે કહ્યું હતું કે, લગ્ન અથવા નાગરિક સંઘ જેવા જોડાણના અધિકારને કાનૂની માન્યતા આપવાનો અથવા સંબંધને કાનૂની દરજ્જો આપવાનો હક ફક્ત અધિકૃત કાયદા દ્વારા જ થઈ શકે છે. પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે સમલૈંગિક લગ્નો માટે કાનૂની મંજૂરી માંગતી ૨૧ અરજીઓના બેચ ઉપર ચાર અલગ-અલગ ચુકાદા આપ્યા હતા.

# ભાજપ અને તેના નેતાઓ ચૂંટણી પંચને છેતરવાનો પ્રયાસ કરી રહ્યા છે, દિલ્હીની ચૂંટણીઓમાં ઘાલમેલ થઈ રહી હોવાનો આમ આદમી પાર્ટીએ દાવો કર્યો

નવી દિલ્હી, તા.૨૫

આમ આદમી પાર્ટીએ ભાજપની ટોચની નેતાગીરી અને કેન્દ્રીય મંત્રીઓ ઉપર ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ પહેલા મતદારોની યાદીઓમાં મોટા પ્રમાણમાં ગેરરીતિઓમાં ટોચની નેતાગીરી અને કેન્દ્રીય મંત્રીઓ સંડોવાયા હોવાનો આમ આદમી પાર્ટીએ ગંભીર આક્ષેપ કર્યો છે. આપના નેતા અને રાજ્યસભાના સભ્ય સંજયસિંહે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ભાજપના નેતાઓ જેમાં ટોચના નેતાઓ અને કેન્દ્રીય મંત્રીઓ છે તેઓ રાજધાનીમાં અલગ અલગ સરનામું બતાવીને બનાવટી મતદારોની નોંધણી કરાવી રહ્યા છે અને આ રીતે ચૂંટણી પંચની સાથે છેતરપિંડી કરવાનો અને ચૂંટણી પંચની સત્તાની અવહેલના કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે કેન્દ્રીય મંત્રીઓ, ભાજપના સાંસદો અને નેતાઓ ચૂંટણી પંચની આંખમાં ધૂળ નાખીને તેની પ્રતિષ્ઠા સાથે રમત કરી રહ્યા છે. એ લોકો ચૂંટણી કૌભાંડો અને ગોટાળા કરી રહ્યા છે. નવી દિલ્હી બેઠક ઉપરના ભાજપના ઉમેદવાર પ્રવેશ વર્મા એ પૂર્વ સાંસદ છે. કોઈ વર્તમાન સાંસદ નથી છતાં આઠ મહિનાથી સંસદનો બંગલો પચાવીને બેઠા છે. સંજયસિંહ આગળ કહે છે કે એટલું જ નહીં તેમણે જે નવા ૩૩ મતદારોની અરજીઓ આપી છે તેમાં સરનામું પોતાના એ સંસદના બંગલાનું લખ્યું છે. જ્યારે બીજું નામ કેન્દ્રના નાણાં રાજ્યમંત્રી પંકજ ચૌધરીનું છે. તેમણે પોતાના નામ ઉપર રહેનારા ૨૬ ઉમેદવારોના નામ પાસે પોતાના બંગલાના સરનામા આપ્યા છે એ જ રીતે કેન્દ્રના મંત્રી કમલેશ પાસવાને જે ૨૬ મતદારોના નામ આપ્યા છે એમાં પોતાનું જ સરનામું આપ્યું છે. દિલ્હી ભાજપના પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ એવો આક્ષેપ કર્યો હતો કે આપના નેતા અરવિંદ કેજરીવાલ ચોક્કસ મતવિસ્તારોમાં એમના પોતાના પક્ષના કાર્યકરોના સરનામા સાથે મોટા પ્રમાણમાં નવા મતદારોના નામોની નોંધણી કરાવી રહ્યા છે. એ બધા નામ એવા છે જે દિલ્હીમાં રહેતા નથી અને અચાનક જ મતદાનના દિવસે મતદાન કરવા માટે પ્રગટ થશે. ભાજપના આક્ષેપના જવાબમાં આમ આદમી પાર્ટીએ વળતા આક્ષેપો કર્યા છે. ભાજપે પણ આ અંગે ચૂંટણી પંચ સમક્ષ રજૂઆત કરવાનું નક્કી કર્યું છે અને પંચનો સમય માંગ્યો છે.

# ઈરાને પરમાણુ એકમ નજીક હવાઈ સુરક્ષા અભ્યાસ શરૂ કર્યો

(એજન્સી) તા.૨૫

ઈરાનના સશસ્ત્ર દળોએ તાજેતરમાં મધ્ય ઈસ્ફહાન રાજ્યમાં નતાન્ઝ યુરેનિયમ સંવર્ધન સુવિધા નજીક મોટા પાયે સંયુક્ત હવાઈ સંરક્ષણ કવાયત શરૂ કરી, IRIB ટીવીએ અહેવાલ આપ્યો કે 'ઈક્તેદાર' (પાવર) ૧૪૦૩ કવાયત ખાતમ અલ-ની નજીક હાથ ધરવામાં આવી છે. અંબિયા એર બેઝ બેઝ કમાન્ડર કાદર રહીમઝાદેહના આદેશ ઉપર શરૂ કરવામાં આવ્યું હતું. IRIB અનુસાર, પ્રથમ તબક્કામાં ઈસ્લામિક રિવોલ્યુશન ગાર્ડ્સ કોર્પ્સ (IRGC)ના એરોસ્પેસ ફોર્સ યુનિટ્સ 'મુશ્કેલ ઈલેક્ટ્રોનિક યુદ્ધ પરિસ્થિતિઓમાં બહુવિધ હવાઈ જોખમો સામે પરમાણુ સ્થળની સર્વાંગી સંરક્ષણ' કરશે. IRGCના પ્રવકતા અલી-મોહમ્મદ નૈનીએ જણાવ્યું કે વાર્ષિક કવાયતનો હેતુ સૈન્ય તૈયારીઓને જાળવી રાખવા અને સુધારવાનો છે, સંભવિત સૈન્ય જોખમો અને તોડફોડ પ્રવૃત્તિઓનો સામનો કરવો અને રાષ્ટ્રીય મનોબળ વધારવાનો છે. યુએસની ન્યૂઝ વેબસાઈટ એક્સિઓસે ગયા અઠવાડિયે અહેવાલ આપ્યો કે યુએસ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવને યુએસ પ્રમુખ જો બિડેનને ઈરાની પરમાણુ કેન્દ્રો ઉપર સંભવિત અમેરિકન હુમલા માટેના વિકલ્પો રજૂ કર્યા પછી આ કવાયત કરવામાં આવી છે 'જો ઈરાન ૨૦૨૫ પહેલા પરમાણુ હથિયારો તરફ આગળ વધે છે.' ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવકતા ઈસ્માઈલ બાગીસે જણાવ્યું કે દેશ તેના પરમાણુ કાર્યક્રમ અંગેની ચિંતાઓને દૂર કરવા અને પ્રતિબંધો હટાવવા માટે 'સન્માન અને ગૌરવના આધારે' મંત્રણા માટે તૈયાર છે. ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે મંત્રણાની સંભાવના અંગેના પ્રશ્નના જવાબમાં તેણે તેહરાનમાં સાપ્તાહિક પ્રેસ કોન્ફરન્સમાં આ ટિપ્પણી કરી હતી. તેમણે જણાવ્યું કે, ઈરાન હંમેશા સંવાદમાં માને છે, ભારપૂર્વક જણાવ્યું કે ઈરાનના વિદેશ મંત્રી સઈદ અબ્બાસ અરાઘચીએ સ્પષ્ટપણે દેશની તાજેતરની સ્થિતિ જાહેર કરી છે કે 'અમે પ્રતિબંધો હટાવવા અને ઈરાનના પરમાણુ કાર્યક્રમની પ્રકૃતિ માટે પ્રતિબદ્ધ છીએ.' ચિંતાઓને દૂર કરવા માટે આદર અને ગૌરવ.' ''આ અમારી નિશ્ચિત સ્થિતિ છે. જો કે, (કોઈપણ સંભવિત) મંત્રણાનું ફોર્મેટ અન્ય પક્ષોના દષ્ટિકોણ અને પ્રદર્શન સહિતના તમામ પાસાઓને ધ્યાનમાં લીધા પછી જ નક્કી કરવું જોઈએ, ''બઘાઈએ જણાવ્યું હતું

# બેંગ્લુરૂમાં ૭૨ વર્ષના કેન્સરના દર્દીની આત્મહત્યા, આયુષ્માન ભારત હેઠળ લાભ આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો

નવી દિલ્હી, તા.૨૫

બેંગ્લુરૂના ૭૨ વર્ષીય રહેવાસીએ ગેસ્ટ્રિક કેન્સર હોવાનું નિદાન થયાના ૧૫ દિવસ બાદ આત્મહત્યા કરીને મૃત્યુ પામ્યા હોવાનું કહેવાય છે. મીડિયાના અહેવાલ મુજબ, નિવૃત્ત રાજ્ય સરકારી કર્મચારીને એ જાણીને આઘાત લાગ્યો કે હોસ્પિટલે તેમને આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB PM-JAY) હેઠળ ૫ લાખ રૂપિયાનું વીમા કવર આપવાનો ઈન્કાર કર્યો હતો, જેમાં તેમણે વરિષ્ઠ નાગરિક તરીકે નોંધણી કરાવેલ હતી. મૃતક વ્યક્તિના પરિવારના સભ્યએ જણાવ્યું હતું કે, અમે ૫ લાખ રૂપિયાનું વાર્ષિક કવર પૂરૂં પાડતું AB PM-JAY સિનિયર સિટીઝન કાર્ડ બનાવ્યું હોવા છતાં, કિડવાઈ મેમોરિયલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓન્કોલોજી (KMIO)એ લાભનો ઈન્કાર કરતા કહ્યું કે રાજ્ય સરકારના આદેશો હજુ સુધી આવ્યા નથી. જો કે, તેમણે અમને ૫૦% ડિસ્કાઉન્ટ આપ્યું,'' આરોગ્ય વીમા યોજના ૭૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકો માટે ૫ લાખ રૂપિયાનું કવર પૂરૂં પાડે છે. પરિવારના સભ્યએ કહ્યું, અમે તાજેતરમાં જ પરીક્ષણો અને સ્કેન શરૂ કર્યા હતા અને ૨૦,૦૦૦ રૂપિયા ખર્ચ્યા હતા. કીમોથેરાપી પછી સારવારમાં મોટી સર્જરીનો સમાવેશ થતો હતો. અમે કિડવાઈ ખાતે જ કીમોથેરાપીના બે રાઉન્ડ શરૂ કરવાનું આયોજન કર્યું હતું. અમે પૈસા ચૂકવવા તૈયાર હતા, પરંતુ પછી અમે તેને માત્ર બે દિવસમાં આત્મહત્યામાં ગુમાવી દીધા. હું એમ નથી કહેતો કે આ સીધું લાભ ન મળવાને કારણે થયું હતું, પરંતુ તે જાણતા હતા કે તે લાભ મેળવવામાં સફળ થયા નથી અને પહેલાથી જ તણાવમાં હતા''. રાજ્ય અને કેન્દ્ર વચ્ચેના મડાગાંઠને કારણે કર્ણાટકમાં યોજનાનો અમલ અટક્યો આયુષ્માન ભારત વરિષ્ઠ નાગરિકો યોજનાના ભંડોળને લઈને કર્ણાટકમાં કોંગ્રેસ સરકાર અને કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની NDA સરકાર વચ્ચેની હુંસાતુંસીને કારણે ઘણા વરિષ્ઠ નાગરિકો મુશ્કેલીમાં મુકાયા છે. મીડિયાના અહેવાલ મુજબ,રાજ્ય સરકારે આ યોજનાનો અમલ અટકાવી દીધો છે, જેના પરિણામે વરિષ્ઠ નાગરિકોને ખાનગી હોસ્પિટલોમાં મોટી રકમ ચૂકવવાની ફરજ પડી છે. કર્ણાટકના આરોગ્ય પ્રધાન દિનેશ ગુંડુ રાવે કહ્યું છે કે રાજ્યએ ૭૫ ટકા ચૂકવવાનો રહેશે જ્યારે કેન્દ્રનો હિસ્સો ૨૫ ટકા છે. રાવે કહ્યું, 'તે રાજ્ય પર બોજ છે,'. આ યોજના વરિષ્ઠ નાગરિકોને પેનલવાળી હોસ્પિટલોમાં કેશલેસ હોસ્પિટલાઈઝેશનનો લાભ મેળવવા સક્ષમ બનાવે છે.

# ઓડિશામાં આદિવાસી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે સરકાર ૫,૦૦૦ રૂા. આપશે

(એજન્સી) તા.૨૫

આદિવાસી યુવાનોનો અભ્યાસ બંધ થવો એ એક મોટી સમસ્યા રહી છે. પરિવાર અભ્યાસનો ખર્ચ ઉઠાવી શકતો નથી અને પરિણામે મોટાભાગના વિદ્યાર્થીઓનો અભ્યાસ અધૂરો રહે છે. ઓડિશા સરકારે આને ધ્યાનમાં રાખીને એક મોટું પગલું ભર્યું છે. ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ તાજેતરમાં વાર્ષિક આદિવાસી મેળાનું ઉદ્‌ઘાટન કરતી વખતે આ દિશામાં એક મોટી જાહેરાત કરી છે. આ દરમ્યાન તેમણે શહીદ માધો સિંહ હાથ ખર્ચા યોજના શરૂ કરી. આ યોજના હેઠળ, સરકાર રાજ્યભરની સરકારી અને સહાયિત શાળાઓમાં ધોરણ ૯ અને ૧૧માં અભ્યાસ કરતા દરેક આદિવાસી વિદ્યાર્થીને પાંચ હજાર રૂપિયાની સહાય આપશે. યોજના શરૂ કરતી વખતે, મુખ્યમંત્રીએ આદિવાસી વિદ્યાર્થીઓને ૮૦ કરોડ રૂપિયાની નાણાકીય સહાય આપી. મુખ્યમંત્રી માઝીએ જાહેરાત કરી કે સરકાર દર વર્ષે લગભગ બે લાખ આદિવાસી વિદ્યાર્થીઓને નાણાકીય પ્રોત્સાહન આપશે. સ્વતંત્રતા પછી આદિવાસીઓની સ્થિતિ સુધારવા માટે ઘણી સમિતિઓની રચના કરવામાં આવી હતી. તેમાંથી મુખ્ય સમિતિઓ ૧૯૫૯માં રેણુકા રોય અને ૧૯૬૦માં વેરિયર એલ્વિન સમિતિ હતી. તેણે આદિવાસીઓમાં શિક્ષણના વિકાસ તેમજ તેમના સર્વાંગી વિકાસ માટે ઘણી ભલામણો આપી હતી. પરંતુ આ બધી સમિતિઓની યોજનાઓ નિરર્થક રહી. યુનિસેફના અહેવાલ મુજબ ઓડિશાના આદિવાસી સમુદાયમાં મોટી સંખ્યામાં બાળકો શાળાએ જવાનું છોડી દે છે અને લગભગ ૫૦% છોકરીઓ નાની ઉંમરે લગ્ન કરે છે. હવે જોવાનું એ છે કે ઓડિશા સરકારનો આ નિર્ણય હકીકતમાં કેટલો લાગુ થાય છે અને શિક્ષણનું સ્તર કેટલું સુધરે છે.

# જો તમે મહાકુંભમાં ખોવાઈ જશો કે ભૂલા પડી જશો તો ? AI તમને હાઈ-ટેક 'ભૂલે-ભટકે કેન્દ્રો' દ્વારા શોધી કાઢશે

પ્રયાગરાજ, તા.૨૫

દેશમાં ૧૨ વર્ષ પછી મહાકુંભ ઉત્સવનું પુનરાગમન થયું છે. હવે આ મેળો પણ ડિજિટલ થઈ ગયો છે અને ખોવાયેલા લોકો માટેના કેન્દ્રોથી લઈને CCTV સર્વેલન્સ અને LED ડિસ્પ્લે સુધી, પ્રયાગરાજ વહીવટીતંત્ર વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળામાં આવનારી ભીડને એકીકૃત રીતે સંચાલિત કરવા માટે ટેક્નોલોજી ઉપર આધાર રાખી રહ્યું છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, આ મહાકુંભ પરંપરા અને ટેકનોલોજી, ઈતિહાસ અને આધુનિક માર્ગોનો સંગમ છે. પ્રયાગરાજમાં મહાકુંભની તૈયારીઓનું નિરીક્ષણ કરતા એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યાં અનુસાર, ૧૩ જાન્યુઆરીથી શરૂ થઈને ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ મહાકુંભમાં ઓછામાં ઓછા ૪૦ કરોડ લોકો હાજરી આપે તેવી અપેક્ષા છે. સામાન્ય કુંભમેળા દર વર્ષે યોજાય છે, જ્યારે મહાકુંભ દર ૧૨ વર્ષે યોજાય છે જેમાં ભક્તો પવિત્ર ત્રિવેણી સંગમમાં સ્નાન કરવા માટે ઉમટી પડે છે, જ્યાં ગંગા, યમુના અને પૌરાણિક સરસ્વતી નદીનું મિલન થાય છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ૪,૦૦૦ હેક્ટરના મેળા વિસ્તારમાં લગભગ ૧,૫૦૦ સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે, અને આ કેમેરા નિયંત્રણ અને કમાન્ડ યુનિટ સાથે સંકલિત છે. આ નિયંત્રણ અને કમાન્ડ યુનિટમાં દરેક વિભાગના નિયુક્ત અધિકારીઓ હશે અને તે અગ્નિ, પાણી અથવા અન્ય કંઈક હોનારત થાય કે તરત જ, તેઓ સમયસર પ્રતિક્રિયા આપવા માટે તેમની ટીમને સક્રિય કરશે. વહીવટ દ્વારા બીજો ટેક્નોલોજીકલ પગલું એ ડિજિટલ કેન્દ્રોની શરૂઆત છે, જેને 'ભુલે-ભટકે કેન્દ્રો' તરીકે ઓળખવામાં આવે છે, જે ગુમ થયેલા વ્યક્તિઓને શોધવા માટે સ્થાપિત કરવામાં આવ્યા છે. AI ટેક્નોલોજી દ્વારા આ કેન્દ્રો ચાલશે જ્યાં નવી યુગની ટેક્નોલોજી અધિકારીઓને ગુમ થયેલા વ્યક્તિઓના ફોટાને સોશિયલ મીડિયા એકાઉન્ટ ઉપરના લોકો સાથે મેચ કરવાની મંજૂરી આપશે અને સરળ વાતચીત માટે અંગ્રેજી અને હિન્દીમાં વિવિધ ભાષાઓનો અનુવાદ પણ કરશે. ખોવાયેલા લોકો અને બાળકો માટે, બેડની મૂળભૂત સુવિધાઓ સાથે એક નિયુક્ત વિસ્તાર સ્થાપિત કરવામાં આવ્યો છે જ્યાં તેઓ તેમના પરિવારો સાથે ફરીથી મળે ત્યાં સુધી રાહ જોઈ શકે છે. આવા ૧૨ કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે, જે બધા LED ડિસ્પ્લે સ્ક્રીનથી જોડાયેલા છે. જો કોઈ ગુમ થયેલા મુલાકાતી અથવા ભક્તને શોધી કાઢવામાં આવે છે, તો તેમનો ચહેરો ડિજિટલ રીતે કેપ્ચર કરવામાં આવશે અને મેળાના સ્થળ ઉપર LED સ્ક્રીન ઉપર પ્રદર્શિત કરવામાં આવશે જેથી તેમના પરિવારના સભ્યો તેમને શોધી શકે. પરિવારના સભ્યો પણ આ કેન્દ્રો ઉપર ફરિયાદ નોંધાવી શકે છે જ્યાંથી જાહેરાત કરવામાં આવશે. વરિષ્ઠ અધિકારીએ સ્મિત સાથે કહ્યું કે, હવે કુંભમાં કોઈ ભાઈઓ વિખૂટા પડશે નહીં. અમારી પાસે તેમને પાછા લાવવાની ટેક્નોલોજી છે. સૌ જાણે છે કે, ૧૯૭૦ના દાયકાની એક બોલિવૂડ થીમ મુજબ ભાઈબહેનો મેળામાં અલગ થઈ જતાં હતા અને અનેક વર્ષો પછી પુખ્તાવસ્થામાં તેઓ એકબીજાને મળતા હતા.

# ● અવયવ દાન એ જ મહાદાન

## આ વર્ષે આપણે અવયવ દાન માટે જાગૃત થઈએ. આપણી આસપાસના લોકો, સ્વજનો તથા મિત્રોને અવયવ દાન માટે જાણકાર કરીએ. અવયવ દાનની શકયતા જણાય તો પોઝિટીવ એપ્રોચથી તેને શકય બનાવીએ. અવયવોનો જરૂર સ્વર્ગ કરતા ધરતી ઉપર વધારે છે


એકવીસમી સદી આવી અને છતાં ગામડું તો ત્યાંનું ત્યાં જ છે.

દાનનો મહિમા અનેરો છે. દાન જરૂરીયાતમંદ વ્યકિતને અપાતી ઈશ્વરીય મદદ છે. દાન આપવું નસીબવાળાના લલાટે લખાયેલું છે. દાની સમાજમાં ઉચ્ચ સ્થાન ભોગવે છે. આજે આપણે આવા જ એક દાનની વાત કરવાની છે. અને એ છે અવયવ દાન (ઓર્ગેન ડોનેશન)

ઈશ્વરે માનવ શરીર અવયવોથી ઘડયું છે. માનવીનું સ્વાસ્થ્ય રાત દિવસ કામ કરતા અવયવોને આભારી છે. અવયવોની બીમારી ઘાતક સાબિત થઈ શકે છે. અચાનક ત્રાટકતો હાર્ટ એટેક તથા બ્રેન સ્ટ્રોક જીવલેણ સાબિત થઈ શકે છે. લાંબાગાળાની (ક્રોનિક) અવયવોની ખરાબી દર્દીને આર્થિક, માનસીક અને સામાજીક રીતે પાયમાલ કરે છે. ક્રોનિક રોગ માટે ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડે છે.

સદીઓના પ્રયત્ન પછી ૧૯૫૪માં બોસ્ટન ખાતે ડો.જોસેફ મુરે અને ટીમે વિશ્વનું સૌ પ્રથમ જોડિયા ભાઈઓ વચ્ચે સફળ કીડની ટ્રાન્સપ્લાન્ટ કર્યુ. આ અભૂતપૂર્વ ઘટનાએ લગભગ દરેક અવયવોનો પ્રત્યારોપણ માટેના દ્વાર ખોલી નાખ્યા તે પછીના અવિરત અને અથાગ પ્રયત્નરૂપે હવે લિવર, હાર્ટ, સ્વાદુપિંડ, આંતરડા, ફેફસા તથા આંખની કીકીનું પ્રત્યારોપણ શકય બન્યું છે.

કીડની ટ્રાન્સપ્લાન્ટની વાત કરીએ તો ભારતભરમાં દર વર્ષે લગભગ ૫ હજારથી ૬ હજાર ટ્રાન્સપ્લાન્ટ થાય છે. જે સામે લગભગ ૨.૨ થી ૨.૫ લાખ નવા લોકોને ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડે છે. આમ ડિમાન્ડ સામે સપ્લાય ખુબ જ ઓછો છે લગભગ ૯૮ ટકા કીડની ટ્રાન્સપ્લાન્ટ સ્વજનો દ્વારા થતા અવયવ દાનથી થાય છે. (લાઈવ ઓર્ગેન ડોનર) અવયવ દાનનો બીજો સ્રોત મૃત મસ્તિષ્ક (બ્રેન ડેડ) વ્યકિત છે. અકસ્માત અથવા બ્રેન સ્ટ્રોકમાં મગજની ગંભીર અને અસાધ્ય ઈજા પામેલી વ્યકિત વૈજ્ઞાનિક તથા કાયદાકીય રીતે અવયવદાન માટે યોગ્ય ગણાય. આ દર્દીનું મૃત્યુ થોડા દિવસમાં સારવાર પછી પણ નકકી છે. કોઈ મગજનું ઓપરેશન કે દવા આ દર્દીને બચાવી શકે તેમ નથી. પરંતુ શરીરના હૃદય સાથે બધા જ અવયવો સંપૂર્ણપણે કાર્યરત છે. આ દર્દીને બ્રેનડેડ કહેવાય. સ્વજનોની પરવાનગીથી કાયદાકીય રીતે ગણતરીના કલાકોમાં લગભગ ૮ થી ૧૦ અવયવો દાનમાં લઈ શકાય. દાન વગર આ અવયવોની માટીમાં ભળવું નકકી છે. પણ અવયવ મળવાથી મૃત્યુની રાહ જોતા રીબાતા અનેક વ્યકિતના જીવનમાં નવો પ્રકાશ આવી શકે છે. મૃત વ્યકિત અવયવ દાન દ્વારા અન્ય વ્યકિતમાં જીવે છે. ટ્રાન્સ પ્લાન્ટ પછી દર્દી નોર્મલ જીંદગી જીવી શકે છે. ઘર માટે કમાણી કરી શકે છે લગ્ન કરી શકે છે. બાળકને જન્મ આપી શકે છે અને ખાવા પીવાના અનેક બંધનોમાંથી મુકત થઈ શકે છે. બ્રેન ડેડ દર્દી તરફથી મળતું અવયવ દાન કેડેવર ઓર્ગેન ડોનેશન કહેવાય. સ્પેન તથા અમેરિકાની સરખામણીમાં ભારતમાં આ પ્રકારનું ઓર્ગેન ડોનેશન ખુબ જુની માત્રામાં થાય છે તે ખુબ જ દુ:ખની બાબત છે. જેનું મુખ્ય કારણ સમાજમાં પ્રવર્તતી ગેરમાન્યતાઓ છે. આપણો સમાજ આ પ્રકારના અવયવ દાન માટે આજના આધુનિક



સમયમાં તૈયાર નથી. તબીબ દર્દીને બચાવવા સંપૂર્ણ પ્રયત્ન નહીં કરે. અવયવો દાનિકને વેંચશે બીજો જન્મ દાનમાં આપેલા અવયવો વગર થશે. અવયવ દાન બાદ અંતિમ દર્શન માટે મૃત વ્યકિતને રાખી શકાશે નહી. જેવી અનેક ગેરમાન્યતાઓને કારણે કટોકટીના સમયે સ્વજનો અવયવ દાન માટે ના પાડે છે અને ૮ થી ૧૦ જરૂરીયાતમંદ દર્દીને નવજીવન આપવાનો સુવર્ણ અવસર ગુમાવી બેસે છે. કોઈ પણ ધર્મ અવયવ દાનની વિરૂધ્ધ નથી.

આ વર્ષ દર વખતની જેમ ૮ માર્ચે વિશ્વ કિડની દિવસ દુનિયાભરમાં ઉજવાયો હતો. અમારી ટ્રાન્સ પ્લાન્ટ ટીમે તે દિવસે વિવિધ કોલેજો તથા સંસ્થાઓમાં અવયવ દાનની અવેરનેસ માટે કાર્યક્રમ ગોઠવ્યા હતા. તો આ વર્ષે આપણે અવયવ દાન માટે જાગૃત થઈએ. આપણી આસપાસના લોકો સ્વજનો તથા મિત્રોને અવયવ દાન માટે જાણકાર કરીએ. અવયવ દાનની શકયતા જણાય તો પોઝીટીવ એપ્રોચથી તેને શકય બનાવીએ.

અવયવોનો જરૂર સ્વર્ગ કરતા ધરતી ઉપર વધારે છે. અવયવ દાન મહાદાન છે.

### ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીના સોશ્યોલોજી વિભાગ દ્વારા

# તનાવમુક્ત વિદ્યાર્થી જીવન- જાગૃતિ અને વ્યવસ્થાપન વિષયે યોજાયો માર્ગદર્શક કાર્યક્રમ

**સાંપ્રત અત્યંત ઝડપી ગતિશીલ દુનિયામાં કાર્યદબાણ અને સામાજિક અપેક્ષાઓનું સંચાલન કરવા માટે અને હરીફાઇનાં કારણે વધતા તણાવના સ્ત્રોતોને ખાળવા ચર્ચા થાય અને નિરાકણ અંગે જાગૃતિ કેળવાય તે હેતુ આયોજીત કાર્યક્રમ લાભપ્રદ : પ્રો.(ડો.) અતુલ બાપોદરા કૂલપતિ**





જૂનાગઢ, તા.૨૫

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં સોશ્યોલોજી વિભાગ દ્વારા તનાવમુક્ત વિદ્યાર્થિ જીવન-જાગૃતિ અને વ્યવસ્થાપન વિષયે મનોચિકીત્સકશ્રી અને સાયકોલોજીસ્ટની પ્રેરક માર્ગદર્શક ઉપસ્થિતીમાં અને યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) અતુલભાઈ બાપોદરાનાં પ્રેરણાસભર માર્ગદર્શનમાં કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમની સફળતા વ્યક્ત કરી શુભકામનાં પાઠવતા કુલપતિ પ્રો. અતુલભાઈ બાપોદરાએ જણાવ્યુ હતુ કે સાંપ્રત અત્યંત ઝડપી ગતિશીલ દુનિયામાં ઘણું બધું તણાવપૂર્ણ છે. કામના દબાણ અને સતત ડિઝીટલ કનેક્ટિવિટીથી માંડીને વ્યક્તિગત સંબંધો અને સામાજિક અપેક્ષાઓનું સંચાલન કરવા માટે અને હરીફાઈનાં કારણેતણાવના સ્ત્રોતો સતત વધી રહ્યા હોવાનું જણાય છે.તણાવ એ સર્વવ્યાપી અનુભવ બની ગયો છે, જેની ઘણી વાર ચર્ચા થાય છે પરંતુ ભાગ્યે જ સંપૂર્ણ રીતે સમજાય છે. તેથી, મનોવિજ્ઞાનમાં તણાવ શું છે? તેના લક્ષણો શું છે અને તેની સાથે અસરકારક રીતે કેવી રીતે વ્યવહાર કરી શકાય?આ અંગે ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.નાં છાત્રોને માર્ગદર્શીત કરવાનાં હેતુથી આજનો આ કાર્યક્રમ ખુબ ઉપયોગી પુરવા થશે.

સોશ્યોલોજી ડિપાર્ટમેન્ટનાં વડા પ્રો.(ડો.) જયસિંહ ઝાલાએ અતિથીઓને આવકારી કાર્યક્રમની પ્રસ્તાવના પ્રસ્તુત કરતા જણાવ્યુ હતુ કે તણાવમાં મન અને શરીર વચ્ચેની જટિલ ક્રિયાપ્રતિક્રિયાનો સમાવેશ થાય છે. જયારે પડકારરૂપ પરિસ્થિતિનો સામનો કરવો પડે છે, ત્યારે શરીર એડ્રેનાલિન અને કોર્ટિસોલ જેવા સ્ટ્રેસ હોર્મોન્સ છોડે છે. આ પ્રતિભાવ હૃદયના ધબકારા વધારે છે, બ્લડ પ્રેશરમાં વધારો કરે છે અને ઉર્જાનો પુરવઠો વધારે છે, ક્રોનિક તણાવ નોંધપાત્ર સ્વાસ્થ્ય સમસ્યાઓ તરફ દોરી શકે છે.અને આજનાં સોશ્યલમીડિયાનાં વપરાશ અને અણઉપયોગી રીલોનાં વધતા પ્રભાવમાં ઘણીવાર યુવાધન અણઈચ્છીત પગલા ભરી લેતા હોય, એવા સમયે ડો. સોહમ બુચ (એમ.ડી. મનોચિકીત્સક) અને સુમિત વડસરીયા કલીનીકલ સાયકોલોજીસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને લાભપ્રદ માર્ગદર્શન મળશે.

મેન્ટલ હેલ્થ પ્રોગ્રામનાં નિયામક ડો. સોહમ બુચે જણાવ્યુ હતુ કે સ્ટ્રેસને વહેલી તકે ઓળખવા માટેના લક્ષણો જાણવા જોઈએ. જુદા જુદા સંજોગોમાં જુદી જુદી રીતે પ્રગટ થતા લક્ષણો તેના કારણો જેટલા જ વૈવિધ્યસભર છે.જેમાંશારીરિક લક્ષણો જઈએ તો માથાનો દુખાવો, સ્નાયુ તણાવ અથવા દુખાવો, થાક, સ્લીપ ડિસ્ટર્બન્સીઝ, પેટની સમસ્યાઓ, વારંવાર માંદગી જેવા મહત્વનાં પરિબળો છે. તે જ રીતે ભાવનાત્મક લક્ષણો જોઈએ તો મૂડનેસ અથવા ચીડિયાપણું, અતિશય લાગણી, ચિંતા અથવા નર્વસનેસ, હતાશા અથવા સામાન્ય દુઃખ, જ્ઞાનાત્મક લક્ષણો જોઈએ તો ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી, મેમરી સમસ્યાઓ, સતત ચિંતા કરવી, નકારાત્મક આઉટલુક જોવા મળે છે. વર્તણૂકલક્ષી લક્ષણો જોઈએ તો ભૂખમાં ફેરફાર, વિલંબ અને જવાબદારીઓ ટાળવી, ઉત્તોજકનો ઉપયોગ વધારો, નર્વસ બિહેવિયર્સ જોવા મળે છે. કાર્યસ્થળના લક્ષણો જેવા કે ઉત્પાદકતામાં ઘટાડો, કાર્યથી છૂટાછેડા, સહકર્મીઓ સાથે તકરાર થાય, ગેરહાજરી મહત્વનાં છે. પોસ્ટ-ટ્રોમેટિક સ્ટ્રેસ ડિસઓર્ડર (PTSD) લક્ષણોમાં ફ્લેશબેક, દુઃસ્વપ્નો, ગંભીર ચિંતા અને દશ્ય વિશે બેકાબૂ વિચારોનો સમાવેશ થઈ શકે છે.આવી આઘાતજનક ઘટનાઓનો અનુભવ કરતી મોટાભાગની વ્યક્તિઓને સમાયોજિત કરવામાં અને સામનો કરવામાં મુશ્કેલી ઊભી થઈ શકે છે. જો કે, તેઓ સામાન્ય રીતે સમય, સારી સ્વ-સંભાળ અને પરામર્શ સાથે વધુ સારા થાય છે

કલીનીકલ સાયકોલોજીસ્ટ સુમિત વડસરીયાએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યુ હતુ કે વ્યક્તિ તણાવને ટાળી શકતી નથી પરંતુ કેટલીક દૈનિક વ્યૂહરચનાઓનો અભ્યાસ કરીને તેને વધુ પડતા અટકાવવામાં મદદ કરી શકે છે:દરેક વ્યક્તિ માટે ક્યારેક તણાવ અનુભવવો તે સ્વાભાવિક અને સામાન્ય છે. જો કે, લાંબા ગાળાના તણાવથી શારીરિક, ભાવનાત્મક અને બિનઆરોગ્યપ્રદ વર્તન થઈ શકે છે. ઉપર વર્ણવેલ સહિતની સરળ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરીને તણાવને દૂર કરવાનો અને તેનું સંચાલન કરવાનો પ્રયાસ કરી શકાય છે. પરંતુ જાતે કંઈપણ કરતા પહેલા, નિષ્ણાંત સાથે વાત કરવી શ્રેષ્ઠ છે.જ્યારે વ્યક્તિ ઊંડા શ્વાસ લેવાની પ્રેક્ટિસ કરે છે, ત્યારે તે શરીરની આરામ કરવાની કુદરતી ક્ષમતાને ચાલુ કરવામાં મદદ કરે છે. તે ઊંડા આરામની સ્થિતિ બનાવે છે જે શરીર તણાવને કેવી રીતે પ્રતિક્રિયા આપે છે તે બદલી શકે છે. તે મગજમાં વધુ ઓક્સિજન મોકલે છે અને નર્વસ સિસ્ટમના ભાગને શાંત કરે છે જે આરામ કરવાની ક્ષમતાને નિયંત્રિત કરે છે.સામાન્ય રીતે વ્યક્તિ કાર્યથી નાખુશ રહેવું, ભારે વર્કલોડ અથવા મોટી જવાબદારી, લાંબા કલાકો સુધી કામ કરવું, નબળું સંચાલન અને કામની અસ્પષ્ટ અપેક્ષાઓ, જોખમી સંજોગોમાં કામ કરવું, પ્રગતિની તક અથવા સમાપ્તિના જોખમ વિશે અસુરક્ષિત હોવું, મંચ થી ડરવુ, કામ પર ભેદભાવ અથવા ઉત્પીડનનો સામનો કરવો,કોઈ પ્રિય વ્યક્તિનું મૃત્યુ, છૂટાછેડા, નોકરી ગુમાવવી, નાણાકીય જવાબદારીઓમાં વધારો, લાંબી માંદગી અથવા ઈજા, ડિપ્રેશન, ચિંતા, ગુસ્સો, દુઃખ, અપરાધ અને નિમ્ન આત્મસન્માન સહિત ભાવનાત્મક સમસ્યાઓઆઘાત પેદા કરતી ઘટનાઓથી ક્યારેક તણાવ બહારના બદલે અંદરથી આવે છે. આ તમામ પરિબળો તણાવ તરફ દોરી શકે છે. કાર્યક્રમનું સફળ સંચાલન ડો. પરાગ દેવાણીએ સંભાળ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ડો. ઋષીરાજ ઉપાધ્યાય અને ડો. બારીયાએ જહેમત ઉઠાવી હતી.આ પ્રસંગે ચિરાગ માકડીયા ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથ મહાદેવ મંદિરે પહોંચ્યા કોલક્તાના કાવડધારી શિવભક્તો



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૫

સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે ગઈકાલે 'બમ..બમ.. ભોલે..'ના નાદ સાથે કોલકત્તાના ૧૧ કાવડધારી શિવયાત્રિકો પદયાત્રા સાથે સોમનાથ પહોંચ્યા હતા. પદયાત્રી -કાવડધારી યાત્રિકોમાં પ્રકાશ વિકાસ, વિજય, રાહુલ, સુશીલ, વિક્રમ અને અર્પિતનો સમાવેશ થાય છે. તેઓ યાત્રા દરમ્યાન ૨૫ થી ૩૦ કિ.મી. ચાલે છે. પ્રત્યેક જાન્યુઆરી માસમાં જુદા -જુદા જયોર્તિલીંગો આવરી લેવાતા હોય છે. યાત્રા દરમ્યાન પ્રત્યેકના નામ પાછળ મહાદેવ શબ્દ તેઓ લખે છે અને બોલે છે.

આ શિવભકતો સાથે ત્રણ કાવડ ધનુષ આકારના રહેલા છે જેનું વજન અંદાજે ૬૦ થી માંડી ૧૨૦ કિલો જેટલું છે. આ કાવડ વાંસના બનેલા છે અને જેને પિત્તળથી મઢવામાં આવેલ છે.

કાવડના બે છેડાના જોડાણે ગંગાજળનો કુંભ-ફુલ સુશોભન, કાવડના ઉપલાભાગે દિપઅને ધૂપ પ્રજવલ્લીત જોગવાઈ હોય છે. આ કાવડ કદી ધરતી ઉપર રખાતું નથી. જયાં રોકાણ હોય ત્યાં પણ જમીનથી અધ્ધર ટાંગવામાં આવે છે.

કાવડ યાત્રા દરમ્યાન લસણ, ડુંગળી કે અખાદ્ય ખોરાક ઉપર સંપુર્ણ પ્રતિબંધ હોય છે. ન્હાઈ, ધોઈ સ્વચ્છ કપડા સાથે જ કાવડ ઉંચકવાની હોય છે. કાવડના બે છેડે નર્મદેશ્વર નદી શિવલીંગ, રાધારમણ, કૃષ્ણ ભગવાન, ડમરૂ, સર્પ, ચુંદડી, મોતીમાળ અને ફુલહાર શણગાર સાથે મૂર્તિઓ હોય છે. સોમનાથ દામોદરકુંડ જળનો અભિષેક કર્યો અને અહીંથી દ્વારકા, નાગેશ્વર જશું, અમારો આ વર્ષની કુલ યાત્રા ૨૩૦૦ કિલોમીટરથી વધુ હશે. કાવડયાત્રા ચાલતી હોય ત્યારે કાવડ સાથેના ઘુઘરરણકાર અને 'બમ..બમ..ભોલે'ના શિવનાદ જોઈ યાત્રિકો-પ્રવાસીઓ અભિભુત થઈ પ્રણામ, મિલન કર્યુ હતું.




પક્ષમાં મોવડીઓ શિસ્તનું પાલન કરાવે અને ઘરમાં તું! આમાં મારે જાવું કયાં?



તારા બનાવેલા આ સુગર ફ્રી અડદીયા ખાવા જતાં મારાદ ાંત તો નહિં પડી જાય ને?

# સોમનાથ મહાદેવ મંદિર ૨૬મી જાન્યુઆરીએ રાષ્ટ્રીય ત્રિરંગાનો ભવ્ય-દિવ્ય શણગાર કરાશે





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૫

વિશ્વ પ્રસિધ્ધ ભારત બાર જયોર્તિલીંગના પ્રથમ સોમનાથ મહાદેવ મંદિરે આવતીકાલ તા.૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિને ધર્મ-ભક્તિ અને રાષ્ટ્ર ભક્તિના અદ્‌ભુત સમન્વય આન, બાનઅને શાનથી ઉજવાય છે. ૨૬ મી જાન્યુઆરીએ સંધ્યાને સોમનાથ મહાદેવને રાષ્ટ્રધ્વજ ત્રિરંગાનો દિવ્ય શણગાર પ્રતિવર્ષ કરાય છે અને સાંજે થતી મંદિર રોશનીના કલર, આકૃતિમાં રાષ્ટ્રધ્વજના જેવા જ કલરથી રાષ્ટ્રધ્વજની અનુભુતિ કરાવતી ઈલેકટ્રીક રંગબેરંગી શેડની રોશની કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંદિરોમાં ભગવા ધ્વજ અને ધાર્મિક કાર્યક્રમ હોય છે પરંતુ કરોડો લોકોની આસ્થા સમા અને ભારતની રાષ્ટ્રીય અસ્મિતા સમા આ મંદિર રાષ્ટ્રભાવના સહભાગી બને છે.

૧૩ નવેમ્બર ૧૯૪૭ના રોજ તત્કાલીન ભારતના નાયબ વડાપ્રધાન વલ્લભભાઈ પટેલે જીર્ણ સોમનાથ પ્રાચીન મંદિરની મુલાકાત લીધી હતી ત્યારે તે જમાનામાં ફુલના બુકેથી સ્વાગત કરવાનો રિવાજ ન હતો પરંતુ લોકો રાષ્ટ્રધ્વજ લઈને તેનું સ્વાગત કરવા આવ્યા હતા અને વલ્લભભાઈએ જયારે મંદિર નિર્માણનો દ્રઢ સંકલ્પ કર્યો ત્યારે તે સમયે ભગવો ધ્વજ હાજર ન હતો જેથી ઉત્સાહી જનમેદનીએ સોમનાથના જીર્ણ મંદિરના કાંગરે સ્વાગતમાટે લાવેલ રાષ્ટ્રધ્વજને લગાડી ધર્મ-રાષ્ટ્રભક્તિની અભિવ્યક્તિ કરી હતી.

# રાજયના કાયદા વિભાગની સત્તામાં ઘટાડો કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૫

રાજયના કાયદા વિભાગની સત્તામાં ઘટાડો કરાયો હોય તેમ રાજયની અલગ અલગ અદાલતોમાં ચાલતા ફોજદારી કેસમાં સરકારી વકીલની સેવા ગૃહ વિભાગ હસ્તક સોંપી દેવાઈ છે. એક મહત્વપૂર્ણ વહીવટી નિર્ણયમાં રાજ્ય સરકારે બુધવારે રાજ્યભરની તમામ અદાલતોમાં ફોજદારી કેસોમાં કાર્યવાહી સંબંધિત તમામ બાબતો રાજ્યના કાનૂની વિભાગથી ગૃહ વિભાગને સોંપી દીધી છે.

આ નિર્ણય સાથે, જિલ્લા અદાલતો અને ગુજરાત હાઈકોર્ટ સહિત તમામ અદાલતોમાં સરકારી વકીલોની સેવાઓનું નિયમન કરવાનું મહત્વપૂર્ણ કાર્ય હવેથી રાજ્યના ગૃહ વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવશે. સરકારી વકીલો અને સહાયક/વધારાના સરકારી વકીલોની નિમણૂક ઉપરાંત, ખાસ સરકારી વકીલોની નિમણૂક પણ ગૃહ વિભાગ દ્વારા સંચાલિત કરવામાં આવશે. આમ ગૃહ વિભાગ, જે મુખ્યત્વે પોલીસ સેવાઓનું સંચાલન કરે છે તે ફોજદારી કેસોમાં કોર્ટ કાર્યવાહીના પાસાંનું પણ સંચાલન કરશે, જેની તપાસ પોલીસ એજન્સીઓ દ્વારા કરવામાં આવે છે. એક ઠરાવમાં રાજયના કાનૂની વિભાગે જણાવ્યું છે કે તેમને રાજ્ય સરકાર તરફથી આદેશ મળ્યો છે કે કાનૂની વિભાગના કાર્યક્ષેત્ર હેઠળની બધી શાખાઓ જે અત્યાર સુધી ફોજદારી કાર્યવાહીનું ધ્યાન રાખી રહી છે તેમને રાજ્યના ગૃહ વિભાગમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. તેમાં જણાવાયું છે કે જિલ્લાઓમાં ફોજદારી કેસોનું ધ્યાન રાખતી ઈ-૧ શાખા તેને ફાળવવામાં આવેલા વિષયો, રેકોર્ડ, રજિસ્ટ્રાર અને સ્ટાફને રાજ્યના ગૃહ વિભાગને ટ્રાન્સફર કરશે.

તેવી જ રીતે કાનૂની વિભાગમાં બી-શાખા જે ફોજદારી કેસોમાં ચુકાદાઓ સામે દાખલ કરાયેલી અપીલોનું ધ્યાન રાખે છે તે પણ તેના સંસાધનો રાજયના ગૃહ વિભાગને ટ્રાન્સફર કરશે. અગાઉ આઈપીસી ની કલમ ૧૮, અને હવે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNNS)ની કલમ ૧૮ રાજ્ય સરકારને ફરિયાદીઓની નિમણૂક અને નિયમન કરવાની સત્તા આપે છે.

# અમૂલ દૂધની જુદી જુદી ત્રણ પ્રોડક્ટસના ભાવમાં ઘટાડો

આણંદ, તા. ૨૫

નવા વર્ષની શરૂઆતમાં અમુલે ગુજરાતની પ્રજાને આનંદના સમાચાર આપ્યા હતા. અમૂલ દૂધના જુદી જુદી ત્રણ પ્રોડક્ટસના ભાવમાં ઘટાડો થયો છે. અમુલ દૂધના ૧ લીટરના પાઉચના ભાવમાં એક રૂપિયાનો ઘટાડો થયો છે. અમુલ ગોલ્ડ, તાજા અને ટી સ્પેશિયલના એક લીટર પાઉચના ભાવમાં ઘટાડો કરાયો છે. ત્યારે અમૂલે કઈ પ્રોડક્ટમાં કેટલા રૂપિયા ઓછા કર્યા અને હેવથી કેટલા રૂપિયા ઓછા ચૂકવવા પડશે તે જાણી લો.

અમુલ ગોલ્ડ ૧ લીટર પાઉચનો જૂનો ભાવ ૬૬ રૂપિયા, અમુલ ગોલ્ડ ૧ લીટર પાઉચનો નવો ભાવ ૬૫ રૂપિયા. અમુલ ટી સ્પેશિયલ ૧ લીટર પાઉચનો જૂનો ભાવ ૬૨ રૂપિયા, અમુલ ટી સ્પેશિયલ ૧ લીટર પાઉચનો નવો ભાવ ૬૧ રૂપિયા. અમુલ તાજા ૧ લીટર પાઉચનો જૂનો ભાવ ૫૪ રૂપિયા, અમુલ તાજા ૧ લીટર પાઉચનો નવો ભાવ ૫૩ રૂપિયા. અમુલ દ્વારા છેલ્લા કેટલાક સમયથી દૂધના ભાવમાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે. ત્યારે દૂધના ભાવ વધારા બાદ પ્રથમ વાર ઘટાડો જાહેર કરવામાં આવ્યો છે. નવા વર્ષની શરૂઆતમાં નાગરિકોને મોંઘવારી સામે રાહત આપતા સમાચાર છે. આમ અમૂલે પહેલીવાર ભાવ વધાર્યા પછી ઘટાડો જાહેર કર્યો છે. પરિપત્ર અનુસાર ડિસ્ટ્રીબ્યુર્સ તથા રિટેલર્સ માર્જીન યથાવત રહેશે.

ગુજરાતમાં અમૂલે દૂધના ભાવમાં પ્રતિ લિટર ૧ રૂપિયાનો ઘટાડો કર્યો છે, જેનાથી ગ્રાહકોને રાહત મળશે. આ ફેરફાર તાત્કાલિક લાગુ કરવામાં આવ્યો છે અને ગ્રાહકો હવે ઓછા ભાવે અમૂલ દૂધ ખરીદી શકશે. ગ્રાહકોને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે. અમૂલના આ નિર્ણયથી ગ્રાહકોને રાહત મળશે. દૂધના વધતા ભાવથી થોડી રાહત મળશે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર







# પ્રજાસત્તાક પર્વ

રાજ્ય મહોત્સવ । ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ । તાપી-વ્યારા

અમે,
માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદીના
'વિકસિત ભારત'ના
સ્વપ્નને સાકાર કરી
દેશની લોકશાહીને વધુ ઉન્નત
બનાવવાનો સંકલ્પ કરીએ છીએ



માનનીય રાજ્યપાલ
**શ્રી આચાર્ય દેવવ્રતજી**ના
વરદ્‌હસ્તે

**ધ્વજવંદન સમારોહ**

**તારીખઃ** ૨૬ જાન્યુઆરી ૨૦૨૫, રવિવાર, **સવારે** ૯:૦૦ વાગે

**સ્થળઃ** બાજીપુરા, તા. વાલોડ, જિ. તાપી-વ્યારા

પ્રેરક ઉપસ્થિતિ
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી

આવો, આપણે સૌ
**સ્વર્ણિમ ભારતના વારસા અને વિકાસનું**
ગૌરવ લઈએ,
બંધુતા અને સમાનતાની ભાવનાને વધુ મજબૂત બનાવીએ

**પ્રજાસત્તાક પર્વની સૌ ગુજરાતવાસીઓને શુભેચ્છાઓ...**